Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com


**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ


આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રી : જગજીવન બાવચંદ દોશી
વર્ષ ૨૧ : અંક ૮ : વીર સં. ૨૪૯૦ : જેઠ



દાદર ( મુંબઈ )ના ભવ્ય સમવસરણમાં શ્રી સીમંધર ભગવાનની
પ્રતિષ્ઠા થઈ રહી છે. ( વૈશાખ સુદ ૧૧ )

## મુંબઈ-મહોત્સવ અંક ( ૨૪૮ )



દક્ષિણયાત્રામાં ગયેલા ત્યારે ટૂમ્કુર નામના ગામના જિનમંદિરમાંથી લખેલ ઉપરનો મહા મંત્ર આત્મધર્મના ગતાંકમાં આપ્યો હતો... એ હતો **णमोक्कार मंत्र-**

**ओम्**
**णमो अरहंताणं।**
**णमो सिद्धाणं।**
**णमो आईरियाणं।**
**णमो उवज्झायाणं।**
**णमो लोए सव्व साहूणं।**

**એક ભૂલ:** આત્મધર્મ અંક ૨૪૭ (વૈશાખ) માં પાનું ૨૦ લાઈન ૬ માં ભૂલથી **"પર્યાય અપેક્ષાએ નાસ્તિરૂપ જ છે"** – એમ છપાયેલ છે, તેને બદલે **"પરની અપેક્ષાએ નાસ્તિરૂપ જ છે"** –એમ સુધારીને વાંચવા વિનંતિ છે.

## પ્રૌઢ શિક્ષણવર્ગ


દરવર્ષની જેમ આ વર્ષે પણ પ્રૌઢવયના જિજ્ઞાસુ જૈનભાઈઓ માટેનો શિક્ષણવર્ગ સોનગઢમાં શ્રાવણ સુદ પાંચમ ને બુધવાર તા. ૧૨–૮–૬૪ થી શરૂ કરીને શ્રાવણ વદ ૯ ને સોમવાર તા. ૩૧–૮–૬૪ સુધી ચાલશે. વર્ગમા શ્રી જૈનપ્રશ્નોત્તરમાળા, મોક્ષમાર્ગ પ્રકાશક તથા દ્રવ્યસંગ્રહ ચાલશે. નિશ્ચય–વ્યવહાર સંબંધી વિશેષ સ્પષ્ટીકરણ થશે.

**શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

# "મુંબઈ–મહોત્સવ અંક"



દાદર-જિનમંદિરમાં જિનેન્દ્ર ભગવંતોની પાવન પ્રતિષ્ઠા.



# "મુંબઈ–મહોત્સવ અંક"




પાર્શ્વપ્રભુનો જન્મકલ્યાણક

અને તે પ્રસંગે ઈન્દ્રોનો આનંદ



## "મુંબઈ–મહોત્સવ અંક"



જન્મકલ્યાણકનો આનંદ માણવા ગજરાજ-ઐરાવત
પણ આવી પહોંચ્યા છે.




કેવા મજાના શોભી રહ્યા છે સાત સૂંઢવાળા ગજરાજ ! આ ગજરાજ છે
તો નિર્જીવ અને બનાવટી. પરંતુ ભગવાનના જન્મકલ્યાણકના મહાન
પ્રસંગે એ પણ જાણે ચેતનવંતા બનીને આનંદથી ભાગ લઈ રહ્યા છે.

# "મુંબઈ–મહોત્સવ અંક"



જન્મકલ્યાણકનું જુલૂસ હાથી ઉપર
પાર્શ્વકુંવર સહિત સૌધર્મઈન્દ્ર.



અહા, પ્રભુના કલ્યાણક પ્રસંગે નિર્જીવ વસ્તુ પણ
જાણે સજીવ બનીને ભગવાનને અભિનંદી રહી છે.

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષઃ ૨૧ તંત્રીઃજગજીવન બાવચંદ દોશી વીર સં. ૨૪૯૦

## સમ્યક્ત્વ

નિષ્કંપ મેરૂવત અને નિર્મળ ગ્રહી સમ્યક્ત્વને
શ્રાવક! ધ્યાવો ધ્યાનમાં એને જ દુઃખક્ષય હેતુએ. ૮૬
સમ્યક્ત્વને જે ધ્યાવતો તે જીવ સમ્યક્ દ્રષ્ટિ છે,
દુષ્ટાષ્ટકર્મો ક્ષય કરે સમ્યક્ત્વના પરિણમનથી. ૮૭
અધિક શું કહેવું અરે! સિધ્યા અને જે સિદ્ધશે,
વળી સિદ્ધતા–સૌ નરવરો, મહિમા બધો સમ્યક્ત્વનો. ૮૮
સમ્યક્ત્વ–સિદ્ધિકર અહો, સ્વપ્નેય નહિ દુષિત છે,
તે ધન્ય છે સુકૃતાર્થ છે, શૂર વીર ને પંડિત છે. ૮૯

( -ભગવત્ કુંદકુંદસ્વામી )

ત્રણકાળ ને ત્રણલોકમાં સમકિત સમ નહિ શ્રેય છે,
મિથ્યાત્વ સમ અશ્રેય કો નહિ જગતમાં આ જીવને. ૩૪

( -શ્રી સમન્તભદ્ર સ્વામી )

# મુંબઈનગરીનો પ્રતિષ્ઠા મહોત્સવ

**ભારતના મહાન શહેર મુંબઈનગરમાં ભગવાન જિનેન્દ્રદેવની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક મહોત્સવ મહાન ઉત્સાહપૂર્વક ઊજવાયો. દાદર-મુંબઈમાં થયેલ નૂતન ભવ્ય જિનમંદિર તથા સમવસરણ-મંદિરમાં ભગવંતોની પ્રતિષ્ઠાના આ મહોત્સવમાં ભારતના ચારેકોરથી પાંચ હજાર ઉપરાંત ભક્તજનોએ હોંશથી ભાગ લીધો હતો. પૂ. શ્રી કહાનગુરુના પ્રતાપથી ઉત્સવ ઘણો પ્રભાવશાળી હતો.**

મુંબઈનગરીના ભક્તો અને ભારતના અનેક મુમુક્ષુઓ આતુરતાથી જેની રાહ જોતા હતા તે પ્રતિષ્ઠામહોત્સવ ઊજવવાનો ધન્ય અવસર આવી પહોંચ્યો. એક તરફ ગુરુદેવની અમૃતજયંતીનો હીરકમહોત્સવ આનંદપૂર્વક પૂર્ણ થયો ને બીજી તરફ ભગવાન જિનેન્દ્રદેવના પાવન પંચકલ્યાણકો શરૂ થયા. વૈશાખ સુદ પાંચમની રાત્રે કુમારિકા બહેનો દ્વારા પંચ પરમેષ્ઠી ભગવંતોની મંગલસ્તુતિપૂર્વક ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાના દ્રશ્યો થયા હતા; તેમાં, ભરતક્ષેત્રમાં તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનના જન્મની વાત જાણીને ઇન્દ્રસભામાં દેવોનો આનંદ, ૫૬ કુમારિકા દેવીઓ દ્વારા માતાજી વામાદેવીની સેવા, દેવોદ્વારા માતપિતાનું બહુમાન, માતાજીના ૧૬ મંગળ સ્વપ્નો વગેરે દ્રશ્યો જોતાં, હમણાં તીર્થંકરદેવનો ભરતક્ષેત્રમાં અવતાર થશે–એ જાણીને સૌને આનંદ થયો હતો. જાણે ચોથાકાળમાં બેઠા બેઠા તે કાળના મંગળ પ્રસંગો નજરે નીહાળી રહ્યા હોઈએ–એવી ઉર્મિઓ અંતરમાં જાગતી હતી.

વૈશાખ સુદ છઠ્ઠની સવારમાં માતાજીના ૧૬ મંગલસ્વપ્નોના સર્વોત્તમ ફળનું વર્ણન, ૫૬ કુમારિકા દેવીઓ દ્વારા સેવા–ભક્તિ–આનંદકારી ચર્ચા, વિશ્વસેનમહારાજાનો રાજદરબાર, ઇન્દ્રદરબાર વગેરેના ભાવવાહી દશ્યો થયા હતા. સાંજે ઘણા ભક્તિભાવપૂર્વક દાદર જિનમંદિરમાં વેદી–કળશ–ધ્વજશુદ્ધિ થઈ હતી. રાત્રે ભક્તિ –ભજનનો કાર્યક્રમ હતો. વૈશાખ સુદ સાતમ એ માગશર વદ અગિયારસ તરીકે શોભતી હતી....એ સુપ્રભાત અનેરૂં શોભતું હતું....ભગવાન પાશ્વનાથનો જન્મ થતાં દશે દિશાઓ આનંદમંગલના નાદથી જ્યારે ગાજી ઊઠી... ચારેકોર ઝળહળતો પ્રકાશ ખીલી ઊઠયો અને હજારો જીવોનાં હૈયાં હર્ષથી નાચી ઊઠયા ત્યારે તો, જાણે પંચમકાળમાં નહિ પણ ચોથા કાળમાં બેઠા હોઈએ ને મુંબઈનગરીમાં નહિ પરંતુ વારાણસીનગરી (કાશીનગરી) માં બેઠા હોઈએ...એવું લાગતું હતું. મધ્યલોકની તો શી વાત, ઊર્ધ્વલોકના ઇન્દ્રો ને ઇન્દ્રાણીઓ પણ આનંદવિભોર બન્યા હતા...ને સૌ ભગવાનના જન્મોત્સવનો હર્ષ વ્યક્ત કરી રહ્યા હતા...છપ્પન કુમારીદેવીઓ જન્મવધાઈના મંગળગીતપૂર્વક પોતાનો આનંદ વ્યક્ત કરતી હતી. ચારે કોર વાજાં ગાજતા હતા...સૌધર્મઇન્દ્ર ઐરાવત સહિત અને બીજા અનેક ઇન્દ્રઇન્દ્રાણીઓ ભગવાનનો જન્મોત્સવ ઉજવવા ભારતમાં આવી પહોંચ્યા. અને જ્યારે શચીદેવીએ એ બાલતીર્થંકરને હાથમાં તેડયા ને ભક્તિપૂર્વક ઇન્દ્રના હાથમાં આપ્યા...ત્યારે હજારો લોકો એ પાર્શ્વકુંવરને દેખીને આનંદથી જયજયકાર કરવા લાગ્યા....અહા, તીર્થંકર જન્મ્યા...ને એમના દર્શન થયા...એ કલ્યાણક પ્રસંગની શી વાત! સૌધર્મઇન્દ્ર તથા શચી ઇન્દ્રાણી થવાનું સદ્‌ભાગ્ય શેઠ પુરણચંદજી ઝવેરી અને તેમના ધર્મપત્નીને, તથા ઐશાનેન્દ્ર થવાનું સુભાગ્ય શેઠ રમણીકભાઈ તથા તેમનાં ધર્મપત્નીને પ્રાપ્ત થયું હતું. તે ઉપરાંત બીજા ૧૧ ઇન્દ્ર–ઇન્દ્રાણીઓ પણ ભગવાનના કલ્યાણક ઉજવવામાં હર્ષાનંદપૂર્વક ભાગ લઈ રહ્યા હતા. શ્રી અશ્વસેન પિતાજી તરીકે દેસાઈ પ્રાણલાલભાઈ અને વામાદેવી માતાજી તરીકે સૌ. કસુંબા બહેનને મહાભાગ્ય પ્રાપ્ત થયું હતું. ઇન્દ્ર–ઇન્દ્રાણીઓ ભગવાન પાર્શ્વકુમારને નીરખી નીરખીને ખૂબ હર્ષિત થયા...ઐરાવત ઉપર ભગવાન બાલતીર્થંકરના જન્માભિષેક માટેની સવારી અદ્‌ભુત હતી. મુંબઈના રસ્તા ઉપર–માણસોનેય ચાલવાની જ્યાં ભીડ પડે છે ત્યાં હાથી અને બીજા અનેક સાજ સહિતની પાર્શ્વકુંવરની ભવ્ય સવારી જ્યારે નીકળી ત્યારે મુંબઈનગરીના સાત સાત માળના મકાનોની અટારીઓ દર્શકોથી ઊભરાતી હતી...જે નગરીમાં ભગવાન જન્મે તે નગરીના હર્ષની શી વાત!! સાદા હાથી ઉપરાંત ઊચેંઊંચે ઐરાવતહાથી પણ સાત સૂંઢસહિત કલા કારીગરીથી ખૂબ શોભતો હતો. નગરીના મુખ્ય રસ્તાઓ ઉપર થઈને આઝાદમેદાનમાં મેરૂપર્વત પાસે આવી પહોંચ્યા...ને ત્યાં ઘણી ભક્તિપૂર્વક પંદર

હજાર જેટલી માનવમેદની વચ્ચે પાર્શ્વતીર્થંકરનો જન્માભિષેક થયો...મેરૂપર્વતની ચારેકોર હર્ષાનંદનો કોલાહલ થઈ રહ્યો હતો....મોહમયીને બદલે ‘બનારસી’ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવાથી મુંબઈનગરી આજે ગૌરવ અનુભવતી હતી. ચારેકોર ભક્તજનો વિવિધ ભક્તિ કરી રહ્યા હતા....ને જન્મ–વધાઈના મંગલ ગીત ગાતા ગાતા મેરૂતીર્થની પ્રદક્ષિણા કરતા હતા. અભિષેક બાદ એ હોનહાર ૨૩મા તીર્થંકરનું પૂજન કરીને ઇન્દ્રોએ ભક્તિ પ્રદર્શિત કરી હતી... બપોરે પ્રભુ પાર્શ્વકુંવરનું પારણાઝુલન થયું હતું....હજારો ભક્તોએ પ્રેમથી ભગવાનને ઝુલાવ્યા હતા. રાત્રે અશ્વસેન મહારાજાની રાજસભામાં પાર્શ્વકુમાર પણ બેઠા હતા....દેશોદેશના રાજવીઓ રાજસભામાં આવીને વિવિધ ભેટો ધરતા હતા....સેંકડો રાજવીઓએ આવીને ભેટ ધરી....હજી અયોધ્યાનગરીથી રવાના થયેલા રાજદૂત આવવાના બાકી હતા.....

વૈશાખ સુદ આઠમ–એ ભગવાનના દીક્ષાકલ્યાણકનો દિવસ હતો. સવારમાં રાજસભાનું દ્રશ્ય ચાલતું હતું. કુમાર પાર્શ્વકુંવર રાજસભામાં બેઠા છે.....એવામાં અયોધ્યાનગરીના રાજદૂત ઉત્તમ ભેટો લઈને આવી પહોંચ્યાં. રાજકુંવરે પૂછ્યું : અયોધ્યાની શોભા કેવી છે? ત્યારે ઉત્તરમાં રાજદૂતે અયોધ્યાનગરીનું આશ્ચર્યકારી વર્ણન કર્યું. ત્યાં થઈ ગયેલા ઋષભદેવ તીર્થંકરોની મહત્તા વર્ણવી... જે સાંભળતાં જ પાર્શ્વકુમારનું ચિત્ત પલટી ગયું. અરે, ઋષભાદિ તીર્થંકરોના આયુષ્ય તો લાંબા હતા, અત્યારે તો આયુષ ઘણા ટૂંકા છે... સંસારના ભોગ ખાતર મારો અવતાર નથી પણ આત્માની પૂર્ણતા સાધીને તીર્થંકર થવા મારો અવતાર છે... મારે મારી પરમાત્મદશા સાધવાની છે, રાજભોગમાં જીવન વીતાવવું મને પાલવે તેમ નથી....આથી અનેક ગણા ભોગવૈભવ અચ્યુતાદિ સ્વર્ગમાં અનેકવાર આ જીવે જોયા છે, પણ જીવને તેનાથી કદી તૃપ્તિ થઈ નથી....હવે તો મુનિદશા પ્રગટ કરીને ચૈતન્યના અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા ઝૂલતા કેવળજ્ઞાન પ્રગટ કરીશું... આવી વૈરાગ્યસ્ફૂરણા થતાં જ લૌકાંતિક દેવો આવી પહોંચ્યા ને ભગવાનની સ્તુતિપૂર્વક વૈરાગ્યની અનુમોદના કરી... ઇન્દ્રો પણ દીક્ષાકલ્યાણક ઉજવવા આવી પહોંચ્યા.... પારસકુમારે દીક્ષા માટે વનગમન કર્યું. દરિયાકિનારે એક સુંદર વન વચ્ચે ભગવાનની દીક્ષાનો મહોત્સવ થયો....... અહા, વૈરાગ્યભર્યા વાતાવરણ વચ્ચે હજારો જીવો એ પ્રસંગ અનુમોદી રહ્યા હતા. દીક્ષા બાદ એ વૈરાગ્યવનમાં કાનજીસ્વામીએ મુનિદશાનો મહિમા સમજાવતું પ્રવચન કર્યું....અને ઉદેપુરના ભાઈશ્રી ઝમકલાલજીએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી. બપોરે બાલિકાઓએ અંજનાસતીનું નાટક કર્યું હતું. રાત્રે પાર્શ્વપ્રભુના દશ પૂર્વભવોના દ્રશ્યો સહિત વર્ણન થયું હતું.... અહા, કમઠના જીવે ક્રોધથી દશદશ ભવ સુધી ઘોર ઉપદ્રવો કર્યા, ને ભગવાને ક્ષમાભાવથી તે સહન કર્યા... દશભવ સુધી ક્રોધ અને ક્ષમા વચ્ચેની જાણે લડાઈ ચાલી, ને અંતે ક્રોધ



રાજદરબારમાં પાર્શ્વકુમારને કિંમતી ભેટ ધરી રહેલા એક 'દરબાર'



હાથી ઉપર વનવિહાર માટે નીકળેલા પાર્શ્વકુંવર મહિપાલ-તાપસ
( કમઠના જીવ )ને હિંસાથી બચવા સંબોધી રહ્યા છે



પૂ. કાનજીસ્વામી ભક્તિપૂર્વક જિનબિંબો ઉપર અંકન્યાસ કરી રહ્યા છે.



નિર્વાણકલ્યાણક પ્રસંગે સમ્મેદશિખરની રચનાનું દૃશ્ય

ઉપર ક્ષમાનો વિજય થયો..... આ પ્રસંગ બોધદાયક હતો; જગતમાં ક્રોધ અને ક્ષમા વચ્ચે સદાય અથડામણ ચાલ્યા જ કરે છે, અજ્ઞાનીઓ ક્રોધથી ઉપદ્રવ કરતાં આવે છે ને જ્ઞાનીસાધકો ક્ષમાથી સહન કરતાં આવે છે..... આરાધકને અનેક ઉપદ્રવો આવે છે ને તે પોતાની આરાધનામાં અડગ રહે છે, પત્થર વરસે કે પાણી, અગ્નિની જવાળા હો કે સર્પોના ફૂંફાડા હો, જ્ઞાની પોતાની આરાધનામાંથી ડગતા નથી. અંતિમ ભવમાં આત્મધ્યાનમાં મગ્ન પાર્શ્વમુનિરાજ ઉપર કમઠના જીવ સંવરદેવે પત્થર પાણી ને અગ્નિવડે જ્યારે ઘોર ઉપદ્રવ કર્યા અને અચાનક ધરણેન્દ્ર–પદ્માવતીએ આવીને ભક્તિથી છત્ર ધરીને ઉપદ્રવ દૂર કર્યો ને કમઠના જીવને પશ્ચાત્તાપ થયો ત્યારે એ ભક્તિભર્યો પ્રસંગ દેખીને, – ક્રોધ ઉપર ક્ષમાનો વિજય દેખીને, સભામાં હર્ષ છવાઈ રહ્યો, પાર્શ્વપ્રભુના જયજયકારથી સમામંડપ ગુંજી ઊઠયો.

વૈશાખ સુદ ૯ની સવારે ભગવાન પાર્શ્વમુનિરાજના પ્રથમ આહારદાનનો ભક્તિભર્યો ભવ્ય પ્રસંગ બન્યો. પ્રથમ આહારદાન દેવાનો મહાન લાભ શેઠ શ્રી મણિલાલ જેઠાલાલ અને તેમના કુટુંબીજનોને મળ્યો હતો. બીજા હજારો સાધર્મીઓ ભક્તિપૂર્વક એ પ્રસંગને અનુમોદી રહ્યા હતા. બપોરે અનેક જિનબિંબો ઉપર અંકન્યાસની વિધિ થઈ. પૂ. શ્રી કાનજીસ્વામીએ ભક્તિપૂર્વક જિનબિંબો ઉપર અંકન્યાસ કર્યા. અંકન્યાસ થતા જિનેન્દ્ર ભગવંતોને દેખીને સૌ ભક્તોને ઘણો હર્ષ થતો હતો. અંકન્યાસવિધિ પછી તરત કેવળ–જ્ઞાનકલ્યાણકનો ઉત્સવ થયો.

ઘોરાતિઘોર ઉપદ્રવ થવાં છતાં એ ક્ષમાવીર પારસનાથ આત્મસાધનાથી ન ડગ્યા તે ન જ ડગ્યા.....ક્રોધ એના રૂંવાડેય ન ફરક્યો. ન તો એમણે કમઠ ઉપર ક્રોધ કર્યો કે ન ધરણેન્દ્ર ઉપર રાગ. એમણે તો વીતરાગ થઈને સર્વજ્ઞપદ સાધ્યું ને ઉત્તમ ક્ષમાનો સર્વોત્તમ આદર્શ જગતસમક્ષ રજૂ કર્યો. ભગવાનને કેવળજ્ઞાન થતાં જ ઇન્દ્રો આવી પહોચ્યાં.... સમવસરણની સુંદર રચના થઈ....ઇન્દ્રોએ પ્રભુની સર્વજ્ઞતાનું પૂજન કરીને કેવળજ્ઞાન–કલ્યાણક ઉજવ્યો. ને પછી કહાનગુરુનું પ્રવચન થયું, તેમાં ભગવાનની સર્વજ્ઞતાનો મહિમા બતાવ્યો....રાત્રે ભજન–ભક્તિનો તથા વિદ્વાનોના ભાષણનો કાર્યક્રમ હતો.

વૈશાખ સુદ દશમ : આજે એક તરફ તો ભગવાન મહાવીરના કેવળજ્ઞાનનો દિવસ હતો; બીજી તરફ પંચકલ્યાણકમાં ભગવાન પાર્શ્વનાથના નિર્વાણ કલ્યાણકનો દિવસ હતો. સમ્મેદશિખર મહાનતીર્થની રચના ઉપર ઊંચીઊંચી ૨૫ ટૂંકો શોભતી હતી. સૌથી ઊંચી સુર્વણભદ્ર ટૂંક ઉપર પ્રભુ પારસનાથ અર્હંતપદે બિરાજી રહ્યા હતા; યોગનિરોધ કરીને થોડીવારમાં ભગવાન અયોગી થયા....સમ્મેદશિખરની ટોચ ઉપર એ અયોગી

ભગવાનના દર્શનનું દ્રશ્ય અનેરૂં ભાવપ્રેરક હતું. જોતજોતામાં તો ભગવાન મોક્ષ સિધાવ્યા....પાર્શ્વપ્રભુજી સિદ્ધપદ પામ્યા....ઇન્દ્રોએ આવીને ભક્તિથી નિર્વાણકલ્યાણકમહોત્સવ ઉજવ્યો.

**અહીં તીર્થંકરદેવના પંચકલ્યાણક પૂર્ણ થયા..... તે જગતનું કલ્યાણ કરો.**

પંચકલ્યાણકવિધિ પૂર્ણ થતાં મહાવીર–સીમંધર આદિ જિનેન્દ્ર ભગવંતોને દાદર–જિન મંદિરમાં પધરાવ્યા....ભગવંતોની પધરામણી થતાં ભક્તજનોને અપાર આનંદ થયો ને હર્ષથી ભગવંતોનું સ્વાગત કર્યું. પ્રભુજી પધારતાં દાદરના જિનમંદિર અને સમવસરણ શોભી ઊઠયા... આજે બપોરના પ્રવચન વખતે પ્રવચનની થોડીક બોલતી ફિલ્મ પણ લેવામાં આવી હતી. પ્રવચન બાદ ઇન્દોરના પં. બંશીધરજી સિદ્ધાંતશાસ્ત્રી વગેરેએ ભાષણ દ્વારા શ્રદ્ધાંજલિ સમર્પિત કરી હતી. બીજે દિવસે સવારે ૧૧–૫૯ મિનિટે દાદર–જિનમંદિરમાં ભગવંતોની પ્રતિષ્ઠા થઈ. અપાર ઉત્સાહ ને બેસુમાર ભીડ વચ્ચે જ્યારે જિનેન્દ્રભગવાન મહાવીરપ્રભુ મુખ્યવેદી ઉપર બિરાજ્યા ને સીમંધરનાથ સમવસરણમાં બિરાજ્યા, ત્યારે સર્વત્ર જયજયકારથી મંદિર ગાજી રહ્યું હતું; કહાનનગર સોસાયટીના મકાનો હજારો પ્રેક્ષકોની ભીડથી ઊભરાઈ રહ્યા હતા. મંદિરના ઉપલા માળે સમવસરણની ભવ્ય આકર્ષક રચના છે. સોનગઢની જેમ ત્યાં પણ સીમંધરનાથના સમવસરણમાં કુંદકુંદાચાર્ય દર્શન કરી રહ્યા છે–તે દ્રશ્ય શોભી રહ્યું છે. સમવસરણના દર્શનથી ભક્તોનું હૃદય આનંદિત થાય છે. શેઠ શ્રી મણિલાલ જેઠાલાલ અને તેમના ભાઈઓ, તથા શેઠશ્રી નવનીતલાલભાઈ ઝવેરી, શેઠશ્રી પૂરણચંદજી ઝવેરી વગેરેએ ભક્તિપૂર્વક ભગવંતોની પ્રતિષ્ઠા કરી હતી. ભગવંતોની પ્રતિષ્ઠા વખતે ગુરુકહાન પણ ભક્તિપૂર્વક ભાગ લેતા હતા. ભગવંતોની પ્રતિષ્ઠાનો આવો મોટો મહોત્સવ એ મુંબઈનગરીનો એક વિશિષ્ટ પ્રસંગ હતો. ભગવંતોની પ્રતિષ્ઠા પછી મંદિર ઉપર કળશ તથા ધ્વજ પણ આનંદોલ્લાસપૂર્વક ચડાવ્યા. ૭૫ ફૂટ ઊંચા જિનાલય ઉપર ૭૫ ઇંચ ઊંચો–સવા છ ફૂટનો સોનેરી કળશ ઝગમગી ઊઠયો.....ને પવિત્ર આકાશમાં જૈનધર્મધ્વજ લહેરી ઊઠયો...અનેક ભક્તો ભક્તિથી નાચી ઊઠયા.

બપોરે શાંતિયજ્ઞ અને આભારવિધિ બાદ, પ્રતિષ્ઠા મહોત્સવની પ્રર્ણતાના હર્ષોપલક્ષમાં જિનેન્દ્ર ભગવાનની મહાન રથયાત્રા નીકળી....એ રથયાત્રાએ ઘડીભર તો મુંબઈ શહેરને થંભાવી દીધું. જ્યાંથી રથયાત્રા પસાર થાય ત્યાં ચારેકોર સેંકડો વાહનો થંભી ગયા હોય ને આતુરતાપૂર્વક સૌ ભગવાનની રથયાત્રા નીહાળતા હોય. સાતમાળના મકાનની અટારીઓ દર્શકથી ઊભરાઈ જતી. રથયાત્રા આનંદપૂર્વક જિનમંદિરે (ઝવેરીબજારમાં) આવી પહોંચી ને ઉત્સવ સમાપ્ત થયો. પ્રતિષ્ઠા પછી શનિવારે દાદરજિનમંદિરમાં ઉલ્લાસપૂર્ણ ભક્તિ થઈ. હીરકજયંતી મહોત્સવ સંબંધી ટૂંક અહેવાલ ઓલ ઇન્ડીઆ રેડીઓ (આકાશવાણી) ના




સમવસરણમાં સીમંધરનાથની પ્રતિષ્ઠા થાય છે.



સમવસરણમાં કુંદકુંદાચાર્યદેવની પ્રતિષ્ઠા
થયા બાદ સૌ અર્ઘ ચડાવે છે.


## "મુંબઈ–મહોત્સવ અંક"




દાદર-જિનમંદિરમાં મહાવીરાદિ બિરાજમાન જિનેન્દ્રભગવંતો





ભગવાન....અને....ભક્ત




દાદરનું ૭૫ ફૂટ ઊંચુ જિનમંદિર



અને એ મંદિર પર સોહંતો ૭૫ ઈંચનો કલશ, કલશની ઊંચાઈ કેટલી છે-
તેનો ખ્યાલ બાજુમાં ઊભેલા માણસો ઉપરથી આવી શકશે.



મહોત્સવના અપાર-ઉત્સાહને લીધે, જિનેન્દ્રરથમાં જોડેલા આ પ્લાસ્ટરના ઘોડા પણ જાણે જીવંત બનીને રથયાત્રામાં ચાલતા હોય ! એવા લાગતા હતા.



ભગવાનની રથયાત્રામાં–

મુંબઈ કેન્દ્ર ઉપરથી ગુજરાતી તથા મરાઠીમાં પ્રસારિત કરવામાં આવ્યો હતો. જન્મ-કલ્યાણકના ભવ્ય જુલૂસ વગેરેની થોડીક ફિલ્મ સરકારી ખાતા તરફથી સમાચારના ન્યુઝરીલ તરીકે ઉતારવામાં આવી હતી. મુંબઈ જેવા શહેરમાં જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠાનો આવો પંચકલ્યાણક મહોત્સવ ઉજવવા માટે મુંબઈનગરીના મુમુક્ષુઓને ધન્યવાદ!

ઉત્સવબાદ થોડા દિવસ મુંબઈના કેટલાંક પરાઓમાં તેમજ વાપી-અંકલેશ્વર ને અમદાવાદ થઈને પૂ. ગુરુદેવ વૈશાખ વદ આઠમના રોજ સોનગઢ પધાર્યા છે. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. સવારના પ્રવચનમાં પંચાસ્તિકાય અને બપોરે સમયસાર વંચાય છે; તેમજ સોનગઢના બધા કાર્યક્રમો રાબેતામુજબ ચાલી રહ્યા છે.

## સંતો પીરસે છે: પરમાત્માની પ્રસાદી

ભાઈ, પરમાત્માએ પીરસેલું આ તત્ત્વ તને સંતો પ્રસાદીરૂપે આપે છે. સંતો આખા લોકને આમંત્રણ આપે છે કે અરે જગતના બધાય જીવો! તમે આવા પરમ આનંદમય આત્મતત્ત્વને પામો; આ ચૈતન્યના શાંતરસમાં મગ્ન થાઓ. આ પરમાત્માની પ્રસાદી છે તેના સ્વાદને અનુભવો. ચૈતન્યને ભૂલીને જગતને રાજી કરવામાં જીવ રોકાયો.-તેમાં કાંઈ કલ્યાણ નથી; માટે અરે ભગવાન! તું પોતે અંતરમાં વળીને સ્વાનુભવથી રાજી થાને! પરમાત્માની આ પ્રસાદી સંતો તને આપે છે માટે તું રાજી થા-આનંદિત થા. તું રાજી થયો તો બધાય રાજી જ છે. બીજા રાજી થાય કે ન થાય, તે તેનામાં રહ્યા. તું તારા આત્માને સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનથી રીઝવ. તારો આત્મા રીઝીને રાજી થયો-આનંદિત થયો ત્યાં જગત સાથે તારે શું સંબંધ છે? દરેક જીવ સ્વતંત્ર છે. માટે બીજાને રીઝાવવા કરતાં તું તારા આત્માને રીઝવ. ત્રણ લોકનો નાથ જ્યાં રીઝયો ત્યાં તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને પરમ આનંદનો દાતાર છે. અરે જીવો! એક વાર તો આવો અનુભવ કરીને આત્માને રીઝવો. (સમયસાર ગા. ૩૮ ના પ્રવચનમાંથી)

# અ ભિ નં દ ન ગ્રં થ

- મુંબઈનગરીમાં ઉજવાયેલ હીરકજયંતીના ભવ્ય મહોત્સવનું મધુર સંભારણું...
- ભારતભરના ભક્તોની હૃદયોર્મિનું એક આકર્ષક સંકલન...
- ૮૦૦ જેટલા પાનાં અને ૩૦૦ જેટલા સુંદર ચિત્રો સાથે ઉત્તમ છપાઈ...
- તત્કાલિન કેન્દ્રપ્રધાન અને હાલમાં ભારતના વડાપ્રધાન શ્રી લાલબહાદુરજી શાસ્ત્રીના હસ્તે ગુરુદેવને સમર્પણ થયેલ...
- ભારતના અધ્યાત્મ સાહિત્યના એક ગૌરવસ્વરૂપ...
- જેની લાગત કિંમત ૧૮/–હોવા છતાં, હીરકજયંતીના હર્ષોપલક્ષમાં મુંબઈ મુમુક્ષુ–મંડળે તેની કિંમત ઘટાડીને માત્ર રૂ. ૬/–રાખી છે....તે

અભિનંદન ગ્રંથ આપે જોયો ? વાંચ્યો ? લીધો ?

જિજ્ઞાસુઓની સતત માંગણી જોતાં થોડા જ વખતમાં તે અપ્રાપ્ય બની જશે.

કિંમત રૂ. ૬/– પ્લાસ્ટિકના કવર–પુંઠા સહિત રૂ. ૧/– વધુ

**-પ્રાપ્તિસ્થાન-**

**શ્રી દિ. જૈન મંદિર**
**૧૭૩, ૧૭૫ મુમ્બાદેવી રોડ**
**મુંબઈ-૨**

**શ્રી જૈન સ્વાધ્યાય મંદિર**
**સોનગઢ**
**(સૌરાષ્ટ્ર)**

(દરેક ગામના મુમુક્ષુ મંડળને ખાસ સૂચના આપવામાં આવે છે કે આપના મંડળમાં જેટલા અભિનંદનગ્રંથ જોઈએ તેટલા ગ્રંથનો ઓર્ડર એક સાથે જેમ બને તેમ તુરત મોકલી આપશો–જેથી પ્રેસમાંથી સીધા તે પુસ્તકો આપને મોકલી શકાય, ને પેકીંગ–રવાનગી ખર્ચમાં ફાયદો થાય. પોસ્ટમાં એક પુસ્તકનું પોસ્ટેજ લગભગ **અઢી રૂપિયા થાય છે.** આ સુચના ધ્યાનમાં લેવા ખાસ વિનંતિ.)

**“મંગળ તીર્થયાત્રા” પુસ્તક આપે મેળવી લીધું ?**

# ‘જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે’

( શ્રી વીર પ્રવચનસાર ગાથા ૧૯૪ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન )

卐 卐 卐 卐

## શુદ્ધાત્માને જાણે તેને શુદ્ધતા થાય

‘આ યથોક્ત વિધિ વડે શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે, તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા શુદ્ધાત્મત્વ હોય છે;’ આત્મામાં સારું કેમ થાય ને નસારું–અઠીક કેમ ટળે તેની આ વાત છે. સારું કરવું, સુખ, ધર્મ, કલ્યાણ એ બધું એક જ છે. જીવ અજ્ઞાનભાવે અધ્રુવ એવા વિકારને તથા સંયોગોને પોતાનું સ્વરૂપ માનતો હતો તે અધર્મ હતો. હવે, પરદ્રવ્યનું આલંબન અશુદ્ધતાનું કારણ છે ને સ્વદ્રવ્યનું આલંબન શુદ્ધતાનું કારણ છે–એમ પૂર્વે કહેલા વિધિ વડે શુદ્ધાત્માને જાણ્યો તે ધર્મ છે. મૂળ સૂત્રમાં ‘जो एवं जाणित्ता’ એમ કહ્યું છે તેમાંથી શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવે ટીકામાં આ રહસ્ય ખોલ્યું છે.

મારામાં પર વસ્તુનો અભાવ છે ને રાગદ્વેષ પણ મારા કલ્યાણનું કારણ નથી, એ બધા અધ્રુવ પદાર્થો છે તે મને શરણરૂપ નથી. મારો ઉપયોગસ્વરૂપ આત્મા ધ્રુવ છે તે જ શરણરૂપ છે;–આ પ્રમાણે જે પોતાના શુદ્ધ આત્માને જાણે છે તેને તેના આશ્રયે શુદ્ધતા પ્રગટે છે. પહેલાં મલિન ભાવોને પોતાનું સ્વરૂપ માનતો ત્યારે શુદ્ધતા પ્રગટતી ન હતી, હવે તે માન્યતા ફેરવીને શુદ્ધ આત્માને જાણ્યો એટલે શુદ્ધતા પ્રગટી.

## આ વાત કોને સમજાવે છે?

પહેલાં અનાદિથી આત્માને અશુદ્ધ માનતો હતો, તે મિથ્યા માન્યતા સર્વથા અસત્ (અર્થાત્ સર્વથા અભાવરૂપ) નથી, પણ અજ્ઞાનીની અવસ્થામાં તે મિથ્યામાન્યતા થાય છે, તે એક સમયપૂરતી સત્ (ભાવરૂપ) છે. જો ઊંધી માન્યતા આત્મામાં સર્વથા થતી જ ન હોય તો શુદ્ધાત્માને સમજીને તે ટાળવાનું પણ રહેતું નથી, એટલે આત્માને સમજવાનો ઉપદેશ આપવાનું પણ રહેતું નથી. અનાદિથી આત્માને ક્ષણિક વિકાર જેટલો માન્યો છે તે મિથ્યા માન્યતા છોડાવવા શ્રી આચાર્યદેવ સમજાવે છે કે આત્માનો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ ઉપયોગસ્વરૂપ ધ્રુવ છે, તેની શ્રદ્ધા કરો.

## ‘રાગ વખતે શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન કેમ થઈ શકે ? ’

## શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનું ભિન્ન ભિન્ન કાર્ય

**પ્રશ્નઃ**- આત્મામાં રાગ–દ્વેષ થતા હોવા છતાં તે રાગ–દ્વેષ હું નહિ–એમ તે ક્ષણે જ કેમ માન્યતા થાય ? રાગ–દ્વેષ વખતે જ રાગ–દ્વેષ રહિત જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કઈ રીતે થઈ શકે ?

**ઉત્તરઃ**- રાગ–દ્વેષ થતા દેખાય છે તે તો પર્યાયદ્રષ્ટિ છે, તે જ વખતે જો પર્યાયદ્રષ્ટિ ગૌણ કરીને સ્વભાવની દ્રષ્ટિથી જુઓ તો આત્માનો સ્વભાવ રાગરહિત જ છે,–એની શ્રદ્ધાને અનુભવ થાય છે. રાગ હોવા છતાં શુદ્ધ આત્મા તે રાગથી રહિત છે, –એમ જ્ઞાનવડે શુદ્ધ આત્મા જણાય છે. આત્મામાં એક જ ગુણ નથી પણ શ્રદ્ધા–જ્ઞાન –ચારિત્ર વગેરે અનંત ગુણો છે; રાગ–દ્વેષ થાય તે ચારિત્રગુણનું વિકારી પરિણમન છે ને શુદ્ધાત્માને માનવો તે શ્રદ્ધાગુણનું નિર્મળ પરિણમન છે તથા શુદ્ધાત્માને જાણવો તે જ્ઞાનગુણનું નિર્મળ પરિણમન છે. એ રીતે દરેક ગુણનું પરિણમન ભિન્ન ભિન્ન કાર્ય કરે છે. ચારિત્રના પરિણમનમાં વિકારદશા હોવા છતાં, શ્રદ્ધા–જ્ઞાન તેમાં ન વળતાં ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં વળ્યા, શ્રદ્ધાની પર્યાયે વિકારરહિત આખા શુદ્ધ આત્મામાં વળીને તેને માન્યો છે અને જ્ઞાનની પર્યાય પણ ચારિત્રના વિકારનો નકાર કરીને સ્વભાવમાં વળી છે. એટલે તેણે પણ વિકાર રહિત શુદ્ધ આત્માને જાણ્યો છે. આ રીતે, ચારિત્રની પર્યાયમાં રાગ–દ્વેષ હોવા છતાં શ્રદ્ધા–જ્ઞાન સ્વ તરફ વળતાં શુદ્ધ આત્માની શ્રદ્ધા તથા જ્ઞાન થાય છે. રાગ વખતે જો રાગરહિત શુદ્ધ આત્માનું ભાન થઈ શકતું ન હોય તો કોઈ જીવને ચોથું–પાંચમું–છઠ્ઠું વગેરે ગુણસ્થાન કે સાધકદશા જ પ્રગટી શકે નહિ અને સાધક ભાવ વગર મોક્ષનો પણ અભાવ ઠરે.

રાગ–દ્વેષ તે ચારિત્રગુણની અવસ્થા છે. જો આત્મામાં ચારિત્ર સિવાય બીજા જ્ઞાનાદિ અનંત ગુણો ન હોય તો ધર્મ થઈ શકે નહીં. કેમકે જે ચારિત્ર પોતે વિકારમાં અટક્યું હોય તે પોતે વિકારરહિત સ્વભાવનો નિર્ણય કેમ કરી શકે ? અને તે નિર્ણય વગર ધર્મ ક્યાંથી થાય ? માટે ચારિત્ર સિવાય બીજા જ્ઞાન, શ્રદ્ધા વગેરે ગુણો છે; તેથી ચારિત્રની દશામાં વિકાર હોવા છતાં તે જ વખતે જ્ઞાનગુણના કાર્યવડે શુદ્ધાત્માનું જ્ઞાન થાય છે તથા શ્રદ્ધાગુણના કાર્યવડે શુદ્ધાત્માની શ્રદ્ધા થાય છે. અને એ શુદ્ધાત્માની શ્રદ્ધા–જ્ઞાનના જોરે સ્વભાવસન્મુખ પરિણમતાં ચારિત્રના વિકારનો પણ ક્રમે ક્રમે નાશ થતો જાય છે, સમ્યક્શ્રદ્ધાજ્ઞાન થતાં તેની સાથે ચારિત્ર પણ અંશે શુદ્ધ તો થાય છે. સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન થવા છતાં

ચારિત્ર સર્વથા અશુદ્ધ જ રહે–એમ બનતું નથી. ચારિત્રનું વર્તન થોડુંક વિકારી હોવા છતાં, તે વખતે શ્રદ્ધા–જ્ઞાનગુણના સ્વાશ્રિત પરિણમનવડે વિકારરહિત આત્માની શ્રદ્ધા તથા જ્ઞાન થાય છે. માટે, જો કોઈ જીવ આત્મામાં અનંતગુણો ન માને ને એક જ ગુણ માને તો તેને સાધકદશા થઈ શકે જ નહિ, તેને તો વિકાર વખતે વિકાર જેટલો જ આત્મા માનવાનું રહે, પણ વિકાર વખતે વિકારરહિત શુદ્ધ આત્માની શ્રદ્ધા તથા જ્ઞાન તેને થઈ શકે નહિ, કેમકે તે ગુણોને જ તેણે સ્વીકાર્યા નથી. અવસ્થામાં રાગ–દ્વેષરૂપ જે ક્ષણિક મલિનતા છે તે જ્ઞાન સિવાય બીજા ગુણની છે, જ્ઞાનની મલિનતા નથી. તેથી તે મલિનતાથી જાુદું રહીને જ્ઞાને સ્વભાવ તરફ વળીને આત્માના નિર્મળ ગુણોને જાણ્યા, એટલે તેના આશ્રયે સાધકદશા શરૂ થઈ ગઈ. તે જીવ પોતાને ક્ષણિક રાગ–દ્વેષ જેટલો જ માની લેતો નથી.

આત્માની વર્તમાન પર્યાયમાં રાગાદિ મલિનતા છે તે ચારિત્રગુણની વિપરીતદશા છે. ત્યાં તેને જ અજ્ઞાની આખો આત્મા માનતો તેથી મિથ્યા શ્રદ્ધા–જ્ઞાન હતાં. હવે તે મિથ્યા માન્યતા ફેરવીને શ્રદ્ધા–જ્ઞાન સ્વસન્મુખ થતાં એમ માન્યું કે ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય તે જ હું છું, મારા ત્રિકાળી સ્વભાવમાં મલિનતા નથી; અવસ્થામાં જે ક્ષણિક અલ્પ મલિનતા છે તેટલો આખો આત્મા નથી. સ્વભાવ તરફ વળેલા સ્વ–પર પ્રકાશક જ્ઞાને તે મલિનતાને જ્ઞેય તરીકે જાણી ખરી કે આ ચારિત્રનો દોષ છે, પણ તે મારો મૂળ સ્વભાવ નથી. તે દોષ વખતે પણ બીજા જ્ઞાન શ્રદ્ધાન્ ગુણવડે ધ્રુવ શુદ્ધ નિત્ય આત્માનું જ્ઞાન–શ્રદ્ધાન્ થાય છે, એટલે વિકાર વખતે પણ શુદ્ધ આત્માના સમ્યક્ શ્રદ્ધાન–જ્ઞાનમાં ધર્મી જીવને શંકા પડતી નથી. જો એકેક આત્મામાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર વગેરે અનેક ગુણોને (એટલે કે અનેકાંત સ્વભાવને) ન સ્વીકારો તો સાધકપણું જ સાબિત થાય નહિ, ને સાધકપણા વગર બાધકપણું પણ સિદ્ધ ન થાય, એટલે સંસાર–મોક્ષનો જ અભાવ ઠરે. –પરંતુ એ વાત પ્રત્યક્ષ વિરુદ્ધ છે.

વળી જો સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન થતાં તેની સાથે જ પૂરું ચારિત્ર ઊઘડી જતું હોય ને વર્તનનો જરા પણ દોષ ન રહેતો હોય તો સાધકપણાના પ્રકારો જ પડે નહિ પણ સમ્યક્શ્રદ્ધા સાથે જ બધા જીવોને વીતરાગતા થઈ જાય, એટલે કથંચિત્ ગુણભેદરૂપ જે વસ્તુસ્વરૂપ છે તે સિદ્ધ થાય નહિ, માટે તે પણ વિરુદ્ધ છે.

આત્મવસ્તુમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે અનેક ગુણો છે અને ગુણ અપેક્ષાએ તે દરેકનું કાર્ય ભિન્ન ભિન્ન છે–આમ યથાર્થ અનેકાંતને સમજે તો જ વસ્તુસ્વરૂપની સિદ્ધિ થાય.

## કલ્યાણ કેમ થાય ?

જીવને અવસ્થામાં અકલ્યાણ છે તે ટાળીને કલ્યાણ પ્રગટ કરવું છે. અવસ્થામાં અકલ્યાણ છે તે ટળીને કલ્યાણ ક્યાંથી આવશે? અવસ્થામાં અકલ્યાણ હોવા છતાં, જેમાંથી કલ્યાણ પ્રગટે છે એવી ધ્રુવ વસ્તુની શ્રદ્ધા કરવાથી તેના આધારે કલ્યાણ પ્રગટતું જાય છે. ધ્રુવ વસ્તુની શ્રદ્ધા થઈ ત્યાં અંશે કલ્યાણ પ્રગટ્યું છે ને હજી અંશે અકલ્યાણ પણ છે. જો સંપૂર્ણ કલ્યાણ થઈ જાય તો અકલ્યાણ બાકી રહે નહિ. રાગદ્વેષ તે અકલ્યાણ છે ને વીતરાગભાવ તે કલ્યાણ છે. અવસ્થામાં અંશે અકલ્યાણ (–રાગદ્વેષ) હોવા છતાં શુદ્ધ આત્માનો વિવેક થાય છે ને સમ્યક્શ્રદ્ધા–જ્ઞાનરૂપ કલ્યાણ પ્રગટે છે. તેથી શ્રી આચાર્યદેવે પહેલાં શુદ્ધ આત્માને જાણવાની વાત મૂકી છે. શુદ્ધાત્માને જાણવાની સાથે જ પૂરું જ વર્તન (–વીતરાગતા) થઈ જતું નથી પણ તેમાં ક્રમ પડે છે. જો સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન થતાંની સાથે જ ચારિત્ર પૂરું થઈ જતું હોય તો સાધકદશા રહે નહિ.

## દરેક જીવની સ્વતંત્રતા અને દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેની સિદ્ધિ

'શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે તેને.....શુદ્ધાત્મત્વ હોય છે' એમ કહ્યું, એટલે જો બધા જીવો શુદ્ધાત્માને જાણે તો જ પોતાને શુદ્ધાત્મા જણાય–એમ નથી, પણ બધા જીવોથી પોતે સ્વતંત્ર છે, બધા આત્મા જુદા જુદા સ્વતંત્ર છે, તેમાંથી જે શુદ્ધાત્માને જાણે તેને જ શુદ્ધાત્મદશા પ્રગટે છે, ને જે શુદ્ધાત્માને નથી જાણતો તેને શુદ્ધાત્મદશા થતી નથી. વળી આમાં પરિણમન પણ નક્કી થઈ ગયું; કેમકે અનાદિથી શુદ્ધ આત્માને જાણ્યો ન હતો તે અજ્ઞાનદશા પલટીને હવે શુદ્ધાત્માને જાણ્યો. જો અવસ્થા પલટતી ન હોય તો એમ બની શકે નહિ. એ પ્રમાણે શુદ્ધ આત્માને જાણીને તેમાં લીનતાથી જે પૂર્ણ શુદ્ધ થઈ ગયા તે 'દેવ' છે. શુદ્ધાત્માને જાણ્યો હોવા છતાં જેમને હજી પૂર્ણ શુદ્ધદશા પ્રગટી નથી પણ સાધકદશા છે તે 'ગુરુ' છે, ને આવા દેવ–ગુરુની અનેકાંતમય વાણી તે શાસ્ત્ર છે. શુદ્ધ આત્માને જાણે તે વખતે જ આત્મા પૂરો શુદ્ધ સર્વજ્ઞ થઈ જતો નથી પણ હજી સ્વભાવ તરફ વિશેષપણે વળવાનું ને અશુદ્ધતા ટાળવાનું–સાધકપણું રહે છે, એટલે જ્ઞાનના ભેદો તેમ જ ગુણસ્થાનના ભેદો પડે છે–આ રીતે અનેક પ્રકાર સિદ્ધ થઈ જાય છે.

## સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય

આત્મામાં–શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર વગેરે અનેક ગુણો ત્રિકાળ છે; તેને જો ન માનો તો આ વાત સિદ્ધ થઈ શકશે નહીં. ચારિત્રની દશામાં વિકાર હોવા છતાં શ્રદ્ધાજ્ઞાને તેનું

લક્ષ છોડીને જ્યારે શુદ્ધ આત્મસ્વભાવનો સ્વીકાર કર્યો ત્યારથી અપૂર્વ ધર્મકળાની શરૂઆત થઈ છે. વર્તનની ક્ષણિક મલિનતાને સમ્યક્શ્રદ્ધા સ્વીકારતી નથી પણ ધ્રુવ શુદ્ધ દ્રવ્યને જ તે સ્વીકારે છે, અને તે ધ્રુવના જ આધારે વર્તનની પૂર્ણતા થઈને હું સર્વજ્ઞ થઈ જઈશ એમ જ્ઞાન જાણે છે.

## સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનરૂપ ધર્મ, અને સમ્યક્-ચારિત્રરૂપ ધર્મ: પહેલાં કેટલો અધર્મ ટળે ?

આત્માનો જે શુદ્ધ ધ્રુવસ્વભાવ છે તે તો નિત્ય છે, તે કાયમી પદાર્થને કાંઈ નવો બનાવવો નથી; પણ વર્તમાન ક્ષણિક અવસ્થામાં અધર્મ છે તે ટાળીને ધર્મદશા નવી પ્રગટ કરવી છે. બધો અધર્મ એક સાથે ટળી જતો નથી પણ તે ટાળવામાં ક્રમ પડે છે. જે જીવ ધર્મી થાય તેને સૌથી પહેલાં કેટલો અધર્મ ટળે? પહેલાં શુદ્ધ આત્માને જાણતાં મિથ્યા શ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનરૂપ અધર્મ તો ટળી જાય છે, ને ચારિત્રના અધર્મનો એક અંશ ટળે છે પણ ચારિત્રનો બધો અધર્મ ટળી જતો નથી. પહેલાં સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનરૂપ ધર્મ એક સાથે પ્રગટે છે ને પછી સમ્યક્ ચારિત્ર થાય છે, તે ચારિત્રધર્મ ક્રમે ક્રમે પ્રગટે છે. 'હું શુદ્ધ, ધ્રુવ, ઉપયોગસ્વરૂપ છું' એમ શ્રદ્ધા–જ્ઞાને માન્યું તથા જાણ્યું તે ધર્મ છે, અને જે રાગ–દ્વેષ થાય છે તે અધર્મ છે; એ રીતે સાધકને અંશે ધર્મ ને અંશે અધર્મ બંને સાથે છે. પહેલાં શુદ્ધ આત્માને જાણતો ન હતો ને પુણ્ય–પાપને જ પોતાનું સ્વરૂપ માનતો ત્યારે તો તે જીવને શ્રદ્ધા, જ્ઞાન ને વર્તન એ ત્રણે ખોટાં હતાં એટલે એકલો અધર્મ જ હતો. તે અધર્મીપણામાં તો જીવ વિકારને અને પરને જ જ્ઞાનમાં જ્ઞેય કર! ને તેની જ શ્રદ્ધા કરતો હતો તેને બદલે હવે જ્ઞાનને સ્વ તરફ વાળીને આત્માને જ્ઞાનનું સ્વજ્ઞેય કર્યું ને તેની જ શ્રદ્ધા કરી, ત્યાં જ્ઞાન અને શ્રદ્ધા સુધર્યાં ને ચારિત્રનો પણ એક અંશ સુધર્યો. છતાં હજી તે ધર્મીને ચારિત્રમાં અંશે વિકાર પણ છે. પરંતુ તે વિકાર હોવા છતાં તેના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાનરૂપ ધર્મનો નાશ થતો નથી. એ રીતે પહેલાં તો મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનરૂપ અધર્મ ટળે છે ને પછી જ રાગદ્વેષ ટળે છે.

અધર્મદશા વખતે પુણ્ય–પાપને જાણવામાં એકત્વબુદ્ધિથી જે જ્ઞાન રોકાતું હતું તેનું કાર્ય ધર્મદશા થતાં ફર્યું ને હવે તે ધ્રુવ ચૈતન્યસ્વભાવને જાણવામાં તેના આશ્રયમાં રોકાયું તથા પહેલાં જે શ્રદ્ધા પુણ્ય પાપને જ આત્મા માનતી હતી તેણે હવે ધ્રુવ ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા કરી.–આ રીતે જ્ઞાન અને શ્રદ્ધામાં ધર્મની ક્રિયા થઈ. હવે માત્ર ચારિત્રનો અલ્પ દોષ રહ્યો, તેને પણ શુદ્ધ સ્વભાવમાં એકાગ્રતા વડે ટાળીને પરમાત્મા થઈ જશે.

પરંતુ જેને શ્રદ્ધા–જ્ઞાન જ સાચાં નથી તેને તો કદી વિકાર ટળતો જ નથી. પહેલાં સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન થયા પછી જ ચારિત્રદોષ ટળે ને પરમાત્માદશા થાય.

## આત્માનું વર્તન કેમ સુધરે ?

લોકો કહે છે કે 'વર્તન સુધારો.' પણ વર્તન એટલે શું ? દેહની ક્રિયામાં આત્માનું વર્તન નથી. વર્તન એટલે દેહની ક્રિયા નહિ પણ આત્માના અંતરના ભાવ છે. જેવો શુદ્ધ આત્મા છે તેને સમજીને તેમાં એકાગ્રપણે વર્તવું તે જ સાચું વીતરાગી વર્તન છે. અને શુદ્ધ આત્માને ન સમજતાં વિકારમાં જ એકાગ્રપણે વર્તવું તે ઊંધું વર્તન છે. જ્યાં પોતાના પૂર્ણ શુદ્ધ ચૈતન્યસ્વભાવને જ જ્ઞાનનું જ્ઞેય કર્યું અને તેની શ્રદ્ધા કરી ત્યાં જ્ઞાન અને શ્રદ્ધાનું વર્તન તો સુધરી ગયું–અર્થાત્ જ્ઞાન અને શ્રદ્ધા સમયક્ થયા. ચારિત્રના વર્તનમાં અમુક વિકાર હોય છતાં તે વિકારપરિણામ વખતે પણ શ્રદ્ધા–જ્ઞાનને શુદ્ધ સ્વભાવ તરફ વાળીને તેનું વર્તન સુધારી શકાય છે; ને એમ કરવાથી જ ધર્મની શરૂઆત થાય છે. પર્યાયમાં વિકાર હોવા છતાં તે જ વખતે તે વિકારને મુખ્ય ન કરતાં તે વિકારરહિત ધ્રુવ ચૈતન્યસ્વભાવને મુખ્ય કરીને તેમાં શ્રદ્ધા–જ્ઞાનને વાળવા, તે જ વિધિવડે શુદ્ધાત્મા જણાય છે ને અપૂર્વ કલ્યાણની શરૂઆત થાય છે.

આત્મા ત્રિકાળ છે, તેમાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર એ ત્રણ મુખ્ય ગુણો છે, તેની પર્યાયમાં મલિનતા છે. અનાદિથી પરાશ્રયે ઊંધું પરિણમન હતું તે સ્વભાવના આશ્રયે સવળું થાય છે. ચારિત્રમાં કાંઈક વિપરીતતા હોવા છતાં શ્રદ્ધા–જ્ઞાન શુદ્ધ સ્વભાવ તરફ વળીને શુદ્ધ આત્માને શ્રદ્ધા–જ્ઞાનમાં લ્યે છે. આ જ શુદ્ધ આત્માને જાણવાની વિધિ છે. આ વિધિથી જે શુદ્ધાત્માને જાણે છે તેને જ આત્માની શુદ્ધતા પ્રગટે છે.

## સાચી સામાયિક અને પ્રતિક્રમણ કોને હોય ?

સામાયિક એટલે સમતાનો લાભ થવો તે; તે સામાયિક ક્યારે થાય ? આત્માના ત્રિકાળ સ્વભાવમાં જ્ઞાન–આનંદ છે, એવા ત્રિકાળી સ્વભાવને જાણીને તેમાં જે લીન થાય તેને આત્માનો આનંદ પ્રગટે છે ને રાગદ્વેષના અભાવરૂપ વીતરાગી સમતા હોય છે તે જ સામાયિક છે. એવી જ સામાયિકને ભગવાને ધર્મ અને મોક્ષનું કારણ કહ્યું છે. તથા તે જીવ મિથ્યાત્વ–અવિરતિ વગેરે પાપથી પાછો ફર્યો તેથી તેને પ્રતિક્રમણ પણ થઈ ગયું. આવી સાચી સામાયિક અને સાચું પ્રતિક્રમણ શુદ્ધ આત્માની સમજણ વગર કોઈ જીવને હોય નહીં.

## મોક્ષાર્થીને મુક્તિનો ઉલ્લાસ : [ બળદનું દ્રષ્ટાંત ]

આત્માએ અનંતકાળથી એક સેકંડ પણ પોતાના સ્વભાવને લક્ષમાં લીધો નથી, તેથી તેની સમજણ કઠણ લાગે છે ને શરીરાદિ બાહ્ય ક્રિયામાં ધર્મ માનીને મનુષ્યભવ મફતમાં ગુમાવે છે. જો આત્મસ્વભાવની રુચિથી અભ્યાસ કરે તો તેની સમજણ સહેલી છે, સ્વભાવની વાત મોંઘી ન હોય. દરેક આત્મામાં સમજવાનું સામર્થ્ય છે. પણ પોતાની મુક્તિની વાત સાંભળીને અંદરથી ઉલ્લાસ આવવો જોઈએ, તો ઝટ સમજાય. જેમ બળદને જ્યારે ઘેરથી છોડીને ખેતરમાં કામ કરવા લઈ જાય ત્યારે તો ધીમે ધીમે જાય ને જતાં વાર લગાડે; પણ જ્યારે ખેતરના કામથી છૂટીને ઘરે પાછા વળે ત્યારે તો દોડતા દોડતા આવે. કેમ કે તેને ખબર છે કે હવે કામના બંધનથી છૂટીને ચાર પહોર સુધી શાંતિથી ઘાસ ખાવાનું છે, તેથી તેને હોંશ આવે છે ને તેની ગતિમાં વેગ આવે છે. જુઓ, બળદ જેવા પ્રાણીને પણ છૂટકારાની હોંશ આવે છે. તેમ આત્મા અનાદિ કાળથી સ્વભાવ–ઘરથી છૂટીને સંસારમાં રખડે છે; શ્રીગુરુ તેને સ્વભાવ–ઘરમાં પાછો વળવાની વાત સંભળાવે છે. પોતાની મુક્તિનો માર્ગ સાંભળીને જીવને જો હોંશ ન આવે તો પેલા બળદમાંથી યે જાય! પાત્ર જીવને તો પોતાના સ્વભાવની વાત સાંભળતાં જ અંતરમાંથી મુક્તિનો ઉલ્લાસ આવે છે અને તેનું પરિણમન સ્વભાવસન્મુખ વેગથી વળે છે. જેટલો કાળ સંસારમાં રખડયો તેટલો કાળ મોક્ષનો ઉપાય કરવામાં ન લાગે, કેમ કે વિકાર કરતાં સ્વભાવ તરફનું વીર્ય અનંતુ છે તેથી તે અલ્પ કાળમાં જ મોક્ષને સાધી લ્યે છે. પણ તે માટે જીવને અંતરમાં યથાર્થ ઉલ્લાસ આવવો જોઈએ.

## મોક્ષાર્થીને મુક્તિનો ઉલ્લાસઃ [ વાછરડાનું દ્રષ્ટાંત ]

શ્રી પરમાત્મ–પ્રકાશમાં પશુનો દાખલો આપીને કહે છે કે મોક્ષમાં જો ઉત્તમ સુખ ન હોત તો પશુ પણ બંધનમાંથી છૂટકારાની ઇચ્છા કેમ કરત? જુઓ, બંધનમાં બંધાયેલ વાછરડાને પાણી પાવા માટે બંધનથી છૂટો કરવા માંડે ત્યાં તે છૂટવાના હરખમાં કૂદાકૂદ કરવા માંડે છે; અહા! છૂટવાના ટાણે ઢોરનું બચ્ચું પણ હોંશથી કૂદકા મારે છે–નાચે છે. તો અરે જીવ! તું અનાદિ અનાદિકાળથી અજ્ઞાનભાવે આ સંસારબંધનમાં બંધાયેલો છે, અને હવે આ મનુષ્યભવમાં સત્સમાગમે એ સંસારબંધનથી છૂટવાના ટાણાં આવ્યા છે. શ્રી આચાર્યદેવ કહે છે કે અમે સંસારથી છૂટીને મોક્ષ થાય તેવી વાત સંભળાવીએ અને તે સાંભળતાં જો તને સંસારથી છૂટકારાની હોંશ ન આવે તો તું પેલા વાછરડામાંથી પણ જાય તેવો છે! ખુલ્લી હવામાં ફરવાનું ને છૂટા પાણી પીવાનું ટાણું મળતાં છૂટાપણાની

મોજ માણવામાં વાછરડાને પણ કેવી હોંશ આવે છે! તો જે સમજવાથી અનાદિના સંસાર બંધન છૂટીને મોક્ષના પરમ આનંદની પ્રાપ્તિ થાય–એવી ચૈતન્યસ્વભાવની વાત જ્ઞાની પાસેથી સાંભળતાં ક્યા આત્માર્થી જીવને અંતરમાં હોંશ ને ઉલ્લાસ ન આવે? અને જેને અંતરમાં સત્ સમજવાનો ઉલ્લાસ છે તેને અલ્પ કાળમાં મુક્તિ થયા વિના રહે નહીં. પહેલાં તો જીવને સંસારભ્રમણમાં મનુષ્યભવ અને સત્નું શ્રવણ જ મળવું બહુ મોંઘું છે. અને કવચિત્ સત્નું શ્રવણ મળ્યું ત્યારે પણ જીવે અંતરમાં વિચાર કરીને, સત્નો ઉલ્લાસ લાવીને, અંતરમાં બેસાર્યું નહિ, તેથી જ સંસારમાં રખડયો. ભાઈ, આ તને નથી શોભતું! આવા મોંઘા અવસરે પણ તું આત્મસ્વભાવને નહિ સમજ તો ક્યારે સમજીશ? અને ને સમજ્યા વગર તારા ભવભ્રમણનો છેડો ક્યાંથી આવશે? માટે અંદર ઉલ્લાસ લાવીને સત્સમાગમે સાચી સમજણ કરી લે.

## જિજ્ઞાસા

જીવ અજ્ઞાનને લીધે અનાદિકાળથી અવતારમાં બળદની જેમ દુઃખી થઈ રહ્યો છે, છતાં તેનાથી છૂટવાની જિજ્ઞાસા પણ મૂઢ જીવને થતી નથી. નાના ગામડામાં એક ખેડુત પૂછતો હતો કે ‘મહારાજ! આત્મા અવતારમાં રઝડે છે, તે રઝડવાનો અંત આવે ને મુક્તિ થાય એવું કંઈક બતાવો!’ આવો જિજ્ઞાસાનો પ્રશ્ન પણ કોઈકને જ ઊઠે છે. આવા મોંઘાં ટાણાં ફરી ફરીને મળતાં નથી, માટે જિજ્ઞાસુ થઈ, અંતરમાં મેળવણી કરીને સાચું આત્મસ્વરૂપ શું છે તે સમજવું જોઈએ; કેમ કે જે શુદ્ધ આત્માને ઓળખે છે તે જ શુદ્ધાત્માની પ્રાપ્તિ કરે છે.

## મૂંઝવણ અને નિરાશાને ખંખેરી નાખો

“મુમુક્ષુપણું જેમ દ્રઢ થાય તેમ કરો.

હારવાનો અથવા નિરાશ થવાનો કાંઈ હેતુ નથી. દુર્લભ યોગ જીવને પ્રાપ્ત થયો તે પછી થોડોક પ્રમાદ છોડી દેવામાં જીવે મુંઝાવા જેવું અથવા નિરાશ થવા જેવું કંઈ જ નથી.”

શ્રીમદ્ રાજચંદ્ર (૮૨૯)

# પારસનાથ પ્રભુના પૂર્વ ભવો

## ક્રોધ ઉપર ક્ષમાનો વિજય

‘ક્ષમા વીરસ્ય ભૂષણં’ એ સૂત્રનો સાક્ષાત્કાર કરાવતું ભગવાન પારસનાથ પ્રભુનું દશ ભવનું જીવન જોતાં મુમુક્ષુને વીતરાગભાવની પ્રેરણા મળે છે, ઘોર ઉપદ્રવ વચ્ચે પણ અડગ આત્મસાધનાનો ઉત્સાહ જાગે છે, ક્ષમાની ઉત્તમતા ને ક્રોધની હીનતા દેખીને તેનો આત્મા ક્ષમા પ્રત્યે ઉલ્લસિત થાય છે ને ક્રોધાદિથી વિરક્ત થાય છે. કમઠ કે જે એક વખત પોતાનો સગો ભાઈ હતો તેણે ક્રોધથી પારસનાથના જીવ ઉપર દશદશ ભવ સુધી ઘોર ઉપદ્રવો કર્યા ને ભગવાને ક્ષમાભાવથી તે સહન કર્યા. દશદશ ભવ સુધી ક્રોધ અને ક્ષમા વચ્ચેની જાણે લડાઈ ચાલી, ને અંતે ક્રોધ ઉપર ક્ષમાનો વિજય થયો. પુરાણશાસ્ત્રો આવા હજારો બોધદાયક પ્રસંગોથી ભરેલા છે; જગતમાં ક્રોધ અને ક્ષમા વચ્ચે સદાય અથડામણ ચાલ્યા જ કરે છે, અજ્ઞાનીઓ ક્રોધથી ઉપદ્રવ કરતા આવે છે ને જ્ઞાની સાધકો ક્ષમાથી સહન કરતા આવે છે. આરાધકને અનેક ઉપદ્રવો આવે છે ને તે પોતાની આરાધનામાં અડગ રહે છે. પત્થર વરસો કે પાણી, અગ્નિની જવાળા હો કે સર્પોના ફૂંફાડા,–જ્ઞાની પોતાની આરાધનાથી ડગતા નથી. દશ દશ ભવથી ઉપદ્રવ કરતા કરતા અંતિમ ભવમાં આત્મધ્યાનમાં મગ્ન પાર્શ્વમુનિરાજ ઉપર કમઠના જીવે પત્થર પાણી ને અગ્નિ વડે ઘોરાતિઘોર ઉપદ્રવ કરવા છતાં એ ક્ષમાવીર આત્મસાધનાથી ન ડગ્યા તે ન જ ડગ્યા..... ક્રોધ એના રૂંવાડેય ન ફરક્યો.....એ વખતે ધરણેન્દ્ર અને પદ્માવતીએ આવીને ભક્તિથી છત્ર ધરીને ઉપદ્રવ દૂર કર્યો,–તો એના ઉપરના રાગના રંગથી પણ ભગવાન ન રંગાયા....એમને તો વીતરાગ થઈને સર્વજ્ઞતા સાધવી હતી... અંતે તેઓ સર્વજ્ઞ થયા....ને કમઠના જીવનેય પશ્ચાત્તાપ થયો....ક્ષમા પાસે ક્રોધની હાર થઈ....ક્ષમાનો વિજય થયો....અનેક સ્થળે પાશ્વપ્રભુના પંચકલ્યાણક વખતે ચિત્રોદ્વારા પાર્શ્વપ્રભુનું જીવન જોતાં, અને તેમની અડગ ક્ષમા અડગ સાધના તથા ક્રોધ ઉપર ક્ષમાનો વિજય દેખીને હજારો પ્રક્ષકોની સભામાં હર્ષથી જયજયકાર

છવાઈ જતો. પાર્શ્વપ્રભુના પૂર્વભવોનું સચિત્ર વર્ણન એકવાર ‘સુવર્ણસન્દેશ’ માં આવી ગયું હતું. તે સૌને પસંદ પડેલ. હાલમાં મુંબઈનગરીના મહોત્સવમાં પણ પાર્શ્વપ્રભુના પંચકલ્યાણક અને તેમના દશ ભવોના ચિત્રો અને કમઠના ઉપદ્રવ, વગેરે દ્રશ્યો જોયા....તે ઉપરથી અહીં આત્મધર્મમા પણ પાર્શ્વપ્રભુના પૂર્વભવોનું સચિત્ર વર્ણન ટૂંકમાં આપીએ છીએ. (બ્ર. હ. જૈન)

પૂર્વે દશમા ભવે પારસનાથનો જીવ મરૂભૂતિ હતો; ને કમઠનો જીવ તેનો મોટો ભાઈ હતો. બંને સગાભાઈ....એકવાર દોષવશાત્ રાજાએ તે કમઠને ગામમાંથી કાઢી મુક્યો; અપમાનિત કમઠ ત્યાગીબાવો થઈ, હાથમાં શિલા ઉપાડી, કુતપ તપી રહ્યો હતો. પાછળથી મરૂભૂતિને આ વાતની ખબર પડતાં, બંધુપ્રેમથી પ્રેરાઈ, તેને ઘેર તેડી લાવવા તેની પાસે ગયો, ને નમસ્કાર કરી ક્ષમા માંગવા જાય છે ત્યાં તો ક્રોધપૂર્વક કમઠના જીવે હાથમાંની મોટી શિલા તેના ઉપર પટકી; મરૂભૂતિનું મૃત્યું થયું.

મરૂભૂતિનો જીવ મરીને હાથીપણે ઊપજ્યો. અને કમઠનો જીવ ક્રોધપરિણામની તીવ્રતાથી મરીને ભયંકર સર્પ થયો. આ બાજુ મરૂભૂતિના મૃત્યુની વાત સાંભળી વૈરાગ્ય પામી રાજા દીક્ષિત થયા. એકવાર અનેક મુનિવરો સાથે સમ્મેદશિખરતીર્થની યાત્રાએ જતા હતા, ને સંધ્યા સમયે વનમાં સામાયિકમાં બેઠેલા. ત્યાં હાથી તેને જોતાં તે તરફ ધસ્યો, પણ તેનું શ્રીવત્સ ચિહ્ન જોતાં હાથીને પૂર્વભવનું સ્મરણ થઈ આવ્યું અને શાંત થઈને એક વિનયવાન શિષ્યની જેમ મુનિરાજના ચરણ સમીપ બેસી ગયો. એ જોઈને બધાને આશ્ચર્ય થયું. મુનિરાજે અવધિજ્ઞાનથી જાણ્યું કે આ હાથી તે મરૂભૂતિનો જીવ છે ને હોનહાર તીર્થંકર છે; એટલે તેને ધર્મોપદેશ આપ્યો. હાથીએ સમ્યગ્દર્શન સહિત પાંચ અણુવ્રત ધારણ કર્યા. એકવાર પાણી પીવા જતાં તળાવમાં તેનો પગ ખૂંચ્યો, ત્યારે સર્પ થયેલા કમઠના જીવે તેને ભયંકર ડંશ દીધો.

મરૂભૂતિ–હાથીનો જીવ આરાધનાના ઉત્તમ પરિણામ સહિત મરીને સ્વર્ગમાં દેવપણે ઉપજ્યો. અને કમઠ–સર્પનો જીવ ક્રૂર પરિણામથી મરીને નરકમાં ગયો, ત્યાં પોતાના પાપોનું ભયંકર ફળ ભોગવ્યું.


કમઠનો જીવ નરકમાંથી નીકળીને મોટો અજગર થયો.....મરૂભૂતિનો (પારસનાથનો) જીવ વિદેહમાં અગ્નિવેગ નામનો રાજકુમાર થયો, ત્યાં મુનિ થઈ ધ્યાનમાં બિરાજમાન છે; એવામાં પૂર્વ સંસ્કારથી પ્રેરાયેલો અજગર ત્યાં આવી પહોંચ્યો ને ધ્યાનમાં બેઠેલા એ મુનિરાજને ગળી ગયો.


શ્રી પારસપ્રભુનો-૧લો ભવ.


શ્રી પારસપ્રભુનો-૨જો ભવ


શ્રી પારસપ્રભુનો-૩જો ભવ...


શ્રી પારસપ્રભુનો-૪થો ભવ..


શ્રી પારસપ્રભુનો- ૫-મો ભવ...
શ્રી પારસપ્રભુનો- ૬ઠ્ઠો ભવ..


શ્રી પારસપ્રભુનો- ૭મો-ભવ..
શ્રી પારસપ્રભુનો-૮ મો ભવ..

**મુનિરાજ આરાધનાપૂર્વક સ્વર્ગમાં ગયા.**

**અજગર નરકમાં ગયો.**

સ્વર્ગની અને નરકની સ્થિતિ પૂરી કરીને બંને જીવો પાછા મનુષ્યભવે અવતર્યા.

પારસનાથનો જીવ (–મરૂભૂતિ, હાથી ને રાજકુમાર પછી) વિદેહક્ષેત્રમાં વજ્રનાભી ચક્રવર્તી થયો....પછી વૈરાગ્યથી દીક્ષા લઈ મુનિદશામાં ધ્યાનમાં છે....ત્યાં

કમઠ, સર્પ અને અજગર પછી ભીલ થયેલો કમઠનો જીવ ત્યાં આવી પહોંચ્યો ને મુનિરાજને જોતાં જ તીર મારીને તેમને વીંધી નાંખ્યા....અરે, એક વખતના બંને સગા ભાઈ! જુઓ, આ સંસારની સ્થિતિ!

મુનિ તો સમાધિમરણપૂર્વક સ્વર્ગે સીધાવ્યા....કમઠનો જીવ ભીલ પોતાના દુષ્કર્મનું ફળ ભોગવવા ઘોર નરકમાં ગયો.

પારસનાથનો જીવ સ્વર્ગમાંથી નીકળી અયોધ્યાનગરીમાં આનંદકુમાર નામનો મહામાંડલિક રાજા થયો. સફેદ વાળ જોતાં વૈરાગ્ય પામી મુનિ થયો, અને ઉત્તમ પરિણામોથી તીર્થંકરપ્રકૃતિ બાંધી. એ મુનિદશામાં ધ્યાનમાં હતા, એવામાં કમઠનો જીવ–કે જે નરકમાંથી નીકળીને સિંહ થયો છે તે આવીને મુનિના દેહને ખાઈ ગયો.

પારસનાથનો જીવ તેરમાં આનતસ્વર્ગનો દેવ થયો. કમઠનો જીવ નરકમાં ગયો.

પારસનાથનો જીવ પૂર્વ દશમા ભવે મરૂભૂતિ, પછી હાથી, પછી દેવ, પછી મુનિ, પછી દેવ, પછી ચક્રવર્તી–મુનિ, પછી દેવ, પછી મુનિ અને પછી દેવ થઈને અંતિમભવે ગંગાકિનારે કાશીનગરીમાં તીર્થંકરપણે અવતર્યો.

અને કમઠનો જીવ પૂર્વ દશમા ભવે મરૂભૂતિનો ભાઈ કમઠ, પછી સર્પ, પછી નારકી, પછી અજગર, પછી નારકી, પછી ભીલ, પછી નારકી, પછી સિંહ અને પછી નારકી થઈને હવે પારસનાથના નાના મહિપાલ તરીકે અવતર્યો.

તે મહિપાલ તાપસ થઈને પંચાગ્નિમાં લાકડા જલાવતો હતો. સળગતા લાકડાની પોલમાં નાગ–નાગણી પણ હતા ને તે પણ સળગી રહ્યા હતા. એવામાં રાજકુમાર પાર્શ્વનાથ વનવિહાર કરતા ત્યાં આવી પહોંચ્યા....ને દયાથી પ્રેરાઈને કહ્યું: અરે તાપસ! આ લાકડાની સાથે સર્પયુગલ પણ ભસ્મ થઈ રહ્યું છે....આવી હિંસામાં ધર્મ ન હોય. કુમારની વાત


સાંભળતાં તાપસ તો ક્રોધથી ધુંવાફૂંવા થઈ ગયો ને લાકડું ફાડીને જોયું તો અંદરથી અર્ધદગ્ધ સર્પ–સર્પિણી તરફડિયા મારતા નીકળ્યા....પાર્શ્વકુમારે દયાપૂર્વક નમસ્કારમંત્ર સંભળાવીને તે નાગ–નાગણીનો ઉદ્ધાર કર્યો; નમસ્કારમંત્રના પ્રતાપે શાંતપરિણામથી મરીને તે બંને ધરણેન્દ્ર તથા પદ્માવતીદેવી થયા. મહિપાલ તાપસ કુતપથી મરીને સંવર નામનો જ્યોતિષીદેવ થયો.

આ બાજું કાશીનગરીમાં રાજકુમાર પારસનાથ એકવાર રાજસભામાં બેઠા છે. દેશ દેશના રાજાઓ તરફથી ભેટ આવે છે. અયોધ્યાનગરીના રાજદૂત પણ ઉત્તમ ભેટ લઈને આવી પહોંચ્યા. અયોધ્યાનગરી કેવી છે! એમ પૂછતાં દૂતના મુખથી અયોધ્યાનો અદ્‌ભુત મહિમા સાંભળીને, તથા પોતાના જેવા આદિનાથ વગેરે અનેક તીર્થંકરો ત્યાં થઈ ગયા છે તે સાંભળીને પારસકુમાર વૈરાગ્ય પામે છે....જાતિસ્મરણ જ્ઞાન થાય છે, ને દીક્ષા લઈને મુનિ થાય છે.


મુનિદશામાં એકવાર પારસપ્રભુ ધ્યાનમાં ઊભા છે; એવામાં સંવરદેવ (કમઠના જીવ) નું વિમાન ત્યાં અટકી જાય છે....ને આ મુનિએ જ મારું વિમાન થંભાવી દીધું છે એમ સમજી અત્યંત ક્રોધિત થઈને દુષ્ટ પરિણામથી અગ્નિ–પત્થર ને પાણી વગેરેથી ઘોર ઉપદ્રવ કરે છે. એ જ વખતે ધરણેન્દ્ર અને પદ્માવતી (નાગ–નાગણીના જીવ) ત્યાં આવી ભક્તિપૂર્વક સેવા કરે છે, ને છત્ર ધારણ કરીને ઉપદ્રવ દૂર કરે છે. **ભગવાન તો ધ્યાનમાં એવા લીન છે કે તેમને તો લક્ષેય નથી કે કોણ ઉપદ્રવ કરે છે ને કોણ ભક્તિ કરે છે! નથી તેમને ઉપદ્રવ કરનાર ઉપર દ્વેષ, કે નથી ભક્તિ કરનાર ઉપર રાગ.-એ તો પોતાની સાધનામાં મશગૂલ** છે. એક તરફ ક્રોધની પરાકાષ્ઠા છે તો બીજી તરફ ક્ષમાની પરાકાષ્ઠા છે. અંતે ભગવાન પારસનાથને કેવળજ્ઞાન થાય છે, કમઠનો જીવ સંવરદેવ પશ્ચાત્તાપથી પ્રભુચરણે નમીને ક્ષમા માંગે છે, ને ભગવાન પાસે ધર્મ પામે છે.

## આ છે ક્રોધ ઉપર ક્ષમાનો વિજય!

કમઠના જીવે લગાતાર અનેક ભવો સુધી વેરબુદ્ધિથી પારસનાથના જીવ ઉપર ઘોર ઉપદ્રવો કર્યા, પરંતુ પારસનાથના જીવે ક્ષમાભાવ ધારણ કરીને અંતે તેનો ઉદ્ધાર કર્યો. જેમ પારસના સંગે લોહ પણ સુવર્ણ બને છે, તેમ પારસપ્રભુના સંગથી કમઠ જેવો જીવ પણ ધર્મ પામીને સુવર્ણ જેવો બની ગયો. પારસનાથ પ્રભુના જીવનની આ ખાસ વિશેષતા છે, તે આત્માર્થી જીવને માટે મહાન આદર્શરૂપ છે.


શ્રીપારસપ્રભુનો ૯મો ભવ...


પારસનાથ ભગવાનનો છેલ્લોભવ.


સંવરદેવનો ઘોરઉપસર્ગ.

# અસાર....સંસારની....અધ્રુવતા

**રાજા રાણા છત્રપતિ હાથિનકે અસવાર**
**મરના સબકો એકદિન અપની અપની વાર**



**સ્વ. પં. જવાહરલાલ નહેરુ ( ભારતના વડા પ્રધાન )**

આ અસાર સંસાર કેવો અધ્રુવ, અશરણ ને વૈરાગ્યપ્રેરક છે તે ઉપરનું દૃશ્ય બોલી રહ્યું છે. સંસાર એટલે જ જન્મમરણનો ભંડાર...સંસારમાં રહેવું ને જન્મ મરણથી બચવું એ વસ્તુ અશક્ય છે. જન્મ મરણથી જેણે બચવું હોય તેણે સંસારથી છૂટકારાનો રાહ લેવો જોઈએ. સંસારમાં શું નાના, કે શું મોટા, દરેક પ્રાણી અનિત્યતાની ગોદમાં પડેલા છે, એક નાની ક્ષણના આયુષવાળો એકેન્દ્રિ જીવ કે અસંખ્યયાત વર્ષોના આયુષવાળા મોટા ઈન્દ્રો,

–કે ૯૬ કરોડ પાયદળથી રક્ષાયેલો ચક્રવર્તી, –એ કોઈ આ સંસારમાં સ્થિર નથી, અમુક સમયે એની સ્થિતિ પૂરી થતાં તે બીજે ચાલ્યા જશે–સબકો જાના એક દિન અપની અપની વાર' સ્થિર તો એક ધ્રુવ ચિદાનંદ સ્વભાવ જ છે, તે જ શરણ છે, તે જ સાર છે, એનું શરણ કરનારને કદી મરણ થતું નથી. જગતમાં અનિત્યતાના જન્મ–મરણના નાના મોટા પ્રસંગો હરરોજ ક્ષણે ને પળે બનતા જ હોય છે, પણ જ્યારે કોઈ મોટો પ્રસંગ બને ત્યારે સંસારની ક્ષણભંગુરતા જાણે આખા વિશ્વમાં વ્યાપી ગઈ હોય એમ સ્પષ્ટ દેખાય છે. એટલે બાર વૈરાગ્ય ભાવનાઓનું નિરંતર ચિંતન કરવાનું સંતોએ બોધ્યું છે. આ મહા વૈરાગ્ય પ્રસંગે આપણે પં. શ્રી ભૂધરદાસજી રચિત બાર વૈરાગ્યભાવના ચિંતવીએ–

## (૧) અનિત્યભાવના

**રાજા રાણા છત્રપતિ હાથિનકે અસવાર**
**મરના સબકો એકદિન અપની અપની વાર**

અપની અપની વાર સર્વ પ્રાણી જ અવશિ મર જાવે
અન્ય સમસ્ત પદારથ જગમેં કોઉ થિર ન રહાવે;
યે પર વસ્તુ મોહવશ મનમેં રાગ રૂ દ્વેષ બઢાવે,
તાતેં પરમેં રાગરોષ તજ જો ઉત્તમ પદ પાવે.

[ જગતમાં કોઈ વસ્તુ સ્થિર નથી, કાળસ્થિતિ પૂરી થતાં દરેક પ્રાણી અવશ્ય મરે છે, જીવ મફતનો મોહવશ પરમાં રાગદ્વેષ વધારે છે. હે જીવ! તું પરમાં રાગદ્વેષ છોડ....જેથી ઉત્તમ પદની પ્રાપ્તિ થાય. ]

## (૨) અશરણ ભાવના

**દલબલદેઈદેવતા માતાપિતા પરિવાર**
**મરતી વિરિયાં જીવકો કોઈ ન રાખનહાર.**

કોઈ ન રાખનહાર જીવકે જબ અંતિમ દિન આવે,
ઔષધ યંત્ર મંત્રકી શરણા ગ્રહે ભી કોઈ ન બચાવે.
રત્નત્રય ધર્મ હી એક શરણા યહી સર્વ જન ગાવે,
તાતેં સબકી શરણ છોડ, ગ્રહુ ધર્મ મુક્તિપદ પાવે.

[ જીવનો અંતસમય આવતાં કોઈ તેને રાખી શકનાર નથી, કોઈ યંત્ર–મંત્ર કે ઔષધ તેને બચાવનાર નથી; એક રત્નત્રયધર્મ જ શરણરૂપ છે. માટે હે જીવ! બીજા બધાનું શરણ છોડીને એ ધર્મનું જ ગ્રહણ કર, –જેથી મુક્તિપદ પમાય. ]

## ( ૩ ) સંસાર ભાવના

**દામ વિના નિર્ધન દુઃખી, તૃષ્ણાવશ ધનવાન,**
**કહૂં ન સુખ સંસારમેં સબ જગ દેખ્યો છાન.**
સબ જગ દેખ્યો છાન સબહિ પ્રાણી અતિ દુઃખ જુ પાવે,
કર્મ બલિ નટ ચારું ગતિમેં બહુવિધ નાચ નચાવે.
ગદ વિન તન પાવે તો ધન નહિ, ધન પા તુરત નશાવે,
તાતેં ભવ–તન–ભોગ રાગ તજ શિવમગ લહી શિવ જાવે.

[ આખા જગતમાં તપાસ કરીને જોયું તો સંસારમાં બધાય પ્રાણીઓ દુઃખી છે; નિર્ધન પણ દુઃખી છે ને ધનવાન પણ દુઃખી છે. કર્મવશ જીવ ચારે ગતિમાં નાચ નાચી રહ્યો છે. ક્યાંક રોગ વગરનું તન મળે તો ધન ન હોય, ધન મળે તો પાછું તરત ચાલ્યું જાય. આમ ક્યાંય સુખ નથી. માટે હે જીવ! સંસારના ભવ–તન ને ભોગોથી વિરક્ત થઈને, તું શિવમાર્ગ લઈને શિવપુરી તરફ જા. ]

## ( ૪ ) એકત્વ ભાવના

**આપ અકેલો અવતરે, મરે અકેલો હોય,**
**યું કબહૂં ઇસ જીવકો સાથી સગા ન કોય.**
**સાથી સગા ન કોય મરણકર જબ પરભવમેં જાવે,**
**માત પિતા સુત દ્વારા પ્રિયજન કોઈ ન સાથી આવે.**
**પુણ્ય પાપ યા ધર્મ હી સાથી, તન ધન યહીં રહાવે,**
**સુખ દુઃખ સબહી ઇકલા ભુગતે ઇકલા ચહુંગતિ ધાવે.**

[ જીવ એકલો અવતરે છે, ને મરીને એકલો જ પરભવમાં જાય છે, માતા–પિતા, પુત્ર, સ્ત્રી, બંધુજન પ્રિયજન કોઈ એનું સાથી કે સગું નથી. તેના સાથી તો તેણે કરેલા પુણ્ય–પાપ કે ધર્મ જ છે, એ જ એની સાથે જાય છે, તન–ધન ને સગાં તો અહીં જ પડયા રહે છે. આ રીતે ચાર ગતિમાં સુખ–દુખ જીવ એકલો જ ભોગવે છે. –આવું એકત્વ જાણીને, પરનો મોહ છોડી, હે જીવ! તું તારા આત્માને એકત્વસ્વભાવની ભાવનામાં જોડ.

## ( ૫ ) અન્યત્વ ભાવના

**જહાં દેહ અપની નહીં તહાં ન અપનો કોય,**
**ઘર સંપત્તિ પર પ્રગટ યે પર હૈ પરિજન લોય.**

પર હૈ પરિજન લોય હોય નહીં વસ્તુ જાતિ કુલ થારા,
મોહકર્મવશ પરકો અપને સમઝે સોહી ગંવારા;
તૂ હૈ દર્શન જ્ઞાનમયી ચેતન આતમ ન્યારા,
તાતેં પર જડ ત્યાગ આપ ગ્રહ જો હોવૈ નિસ્તારા.

[અરે, જ્યાં દેહ પણ તારો નથી ત્યાં બહારની જુદી વસ્તુ ઘર સંપત્તિ કે કૂળજાતિ તો તારા ક્યાંથી હોય? મોહવશ જે જીવ એ પરને પોતાનાં સમઝે છે તે જ ગમાર છે; તું તો બધાથી ન્યારો દર્શન-જ્ઞાન ચેતનામય આત્મા છે; માટે પરને-જડને છોડીને તારા આત્માને જ ગ્રહ કે જેથી ભવભ્રમણથી છૂટકારો થાય.]

## (૬) અશુચિત્વ ભાવના

દિપે ચામચાદરમઢી, હાડ પીંજરા દેહ,
ભીતર યા સમ જગતમેં, અવર નહીં ઘિનગેહ.
અવર નહીં ઘિનગેહ દેહસમ અશુચી પદારથ કોઈ,
અસ્થિ માંસમલમૂત્ર અશુચી સબ યાહી તનમેં હોઈ,
ચંદન કેસર આદિ વસ્તુ તનપરસત શુચિતા ખોવે,
ઐસે તનમેં રાચિ રહ્યો તબ કૈસે શિવમગ જોવે.

[આ દેહનું હાડપિંજર ઉપરથી ચામડીરૂપી ચાદરથી મઢેલું દેખાય છે, પણ અંદરમાં એનાથી અશુચીરૂપ જગતમાં બીજું કોઈ નથી. હાડકાં-માંસ-વિષ્ટા અને પેશાબ એ બધી અશુચિ આ દેહમાં થાય છે; અરે, ચંદન-કેસર જેવી ઉત્તમ વસ્તુઓ આ દેહને સ્પર્શતાં જ તેની પવિત્રતા ખોઈ બેસે છે ને મલિન થઈ જાય છે. આવા અશુચીથી ભરેલા દેહમાં અરે જીવ! તું રાચી રહ્યો, તો શિવમાર્ગને ક્યાંથી દેખીશ?]

## (૭) આસ્રવ ભાવના

મોહ નીંદકે જોર જગવાસી ઘૂમે સદા,
કર્મ જોર ચહું ઓર સરબસ લૂંટે સુધ નહીં.
નહીં સુખ યા જીવકો યહ કર્મ આસ્રવ નિત કરે,
મન વચન તનકે યોગતેં નિત શુભ અશુભ કર્મહિ વરે;
તિન કરમકે બંધન ભયે તિન ઉદયતેં સુખદુઃખ લહો,
તાતેં મિથ્યાત પ્રમાદ આદિક તજહું જાતેં શિવ ગ્રહો.

[ મિથ્યાત્વરૂપ મોહનિંદ્રાના જોરથી, તથા અવ્રત-પ્રમાદ વગેરેથી જીવ સંસારમાં સદા ઘૂમી રહ્યો છે, ને શુભાશુભ કર્મનો આસ્રવ કરી રહ્યો છે, તે કર્મના ઉદયથી સુખીદુઃખી થઈ રહ્યો છે. આ રીતે આત્માની સુધ-બુધ ખોઈને જીવ પોતાનું સર્વસ્વ લૂંટાવી રહ્યો છે. માટે હે જીવ! તું એ મિથ્યાત્વાદિને છોડ....જેથી તને શિવમાર્ગનું ગ્રહણ થાય. ]

## ( ૮ ) સંવર ભાવના

**સત ગુરૂ દેય જગાય મોહનીંદ જબ ઉપશમેં,**
**તબ કછુ બનહિં ઉપાય કર્મ ચોર આવત રૂકે.**
**રૂકે તબહી કર્મ આસ્રવ કિયે સંવર ચાવસોં**
**અરૂ મહાવ્રત પન સમિતિ ગુપ્તિ તીન-દશ વૃષ ભાવસોં;**
**પરિષહ સહન અરૂ ભાવના ચિત ચિંતયે નિત હી સહી,**
**તાતેં જુ હોવે કર્મ સંવર યહી જિનધુનિમેં કહી.**

[ જ્યારે સદ્ગુરુ જગાડે અને જીવની મોહનિંદ ઉપશમે, ત્યારે સમ્યક્ત્વાદિરૂપ સંવરના પ્રેમથી તે કર્મના આસ્રવના રોકે અને મહાવ્રત-સમિતિ-ગુપ્તિ, દશધર્મ, પરિષહસહન, વૈરાગ્ય ભાવનાઓનું નિરંતર ચિંતન વગેરેથી કર્મોનો સંવર થાય છે; માટે હે જીવ! તેનો ઉપાય કર્તવ્ય છે. ]

## ( ૯ ) નિર્જરા ભાવના

**જ્ઞાનદીપ તપ તેલઘર ઘર શોધે ભ્રમ છોડ,**
**યા વિધિ વિન નીકસે નહીં પૈઠે પૂરવ ચોર.**
**પૈઠે પૂરવ ચોર કર્મ સબ રહે દેહ ઘરમાંહી**
**બારહ વિધિ તપ અગ્નિ જલાયે કર્મચોર જલજાંહી;**
**ઉદયભોગ સવિપાક નિર્જરા પકે આમ તરૂ ડાલી,**
**તપસોં હ્વૈ અવિપાક પકાવે પાલ વિષે જિમ માલી.**

[ સમ્યગ્જ્ઞાનરૂપી દીપક અને તપરૂપી તેલ વડે અંતરમાં શોધતાં પૂર્વે પ્રવેશેલા કર્મરૂપી ચોર બહાર નીકળી જાય છે. આ રીતે સમ્યક્ જ્ઞાન-ચારિત્ર વડે નિર્જરા થાય છે. ]

**પંચમહાવ્રત સંચરણ, સમિતિ પંચ પરકાર,**
**પ્રબલ પંચ ઈન્દ્રિવિજય, ધાર નિર્જરા સાર.**

**ધાર નિર્જરા સાર સાર સંવરપૂર્વક જો હો હૈ,**
**વહી નિર્જરા સાર કહી અવિપાક નિર્જરા સો હૈ.**
**ઉદય ભયે ફલ દેય નિર્જર સો સવિપાક કહાવે,**
**તાસોં જીયકા કાજ ન સારિ હૈ સો સબ વ્યર્થ હી જાવે.**

[ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે સંવરપૂર્વક જે નિર્જરા થાય છે તે અવિપાક નિર્જરા જ સારરૂપ છે; કર્મસ્થિતિ પૂરી થઈને જે કર્મ પાકે છે ને ફળ દઈને ખરી જાય છે તે સવિપાક નિર્જરા વડે જીવનું કાર્ય સરતું નથી. ]

## ( ૧૦ ) લોક ભાવના

**ચૌદહ રાજુ ઉતંગ નભ, લોકપુરુષ સંઠાન,**
**તામેં જીવ અનાદિતેં ભરમત હૈ વિન જ્ઞાન**
**ભરમત હૈ વિન જ્ઞાન લોકમેં કભી ન હિત ઉપજાયા,**
**પંચ પરાવૃત કરતે સમ્યક્ જ્ઞાન ન પાયા.**
**અબ તુ મોહકર્મ કો હરકર તજ સબ જગકી આશા,**
**જિનપદ ધ્યાય લોકશિર ઉપર કરલે નિજ થિર વાસા.**

પુરુષાકાર આ ૧૪ રાજુ પ્રમાણ ઉંચો લોક છે. તેમાં સમ્યગ્જ્ઞાન વગર અનાદિથી જીવ અહીંતહીં ભમી રહ્યો છે. હે જીવ! મોહને હરીને અને જગતની આશા તજીને હવે તો તું નિજપદને ધ્યાવ...ને લોકશિખર ઉપર તારો સ્થિરવાસ કર. લોકશિખરે અનંતા સિદ્ધો સ્થિર બિરાજે છે ત્યાં તું પણ વાસ કર.

## ( ૧૧ ) બોધિદુર્લભ ભાવના

**ધન કન કંચન રાજસુખ સબહિ સુલભકર જાન,**
**દુર્લભ હૈ સંસારમેં એક યથારથ જ્ઞાન.**
**એક જ્થારથ જ્ઞાન સુ દુર્લભ હૈ જગમેં અધિકાના,**
**થાવર ત્રસ દુર્લભ નિગોદતેં, નરતન સંગતિ પાના,**
**કુલ શ્રાવક રત્નત્રય દુર્લભ અરૂ ષષ્ઠમ ગુનથાના,**
**સબતેં દુર્લભ આતમજ્ઞાનસુ જો જગમાંહી પ્રધાના.**

[ આ જગતમાં ભમતા જીવને ધન–કંચન કે રાજવૈભવ એ બધુંય સુલભ છે, એક યથાર્થ જ્ઞાન જ દુર્લભ છે. નિગોદપર્યાયમાંથી નીકળીને ત્રસપર્યાય પામવી પણ દુર્લભ છે,

અને તેમાંય મનુષ્યઅવતાર, સત્સંગ, શ્રાવકકૂળ ને રત્નત્રય તથા મુનિદશાની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે. આ રીતે જગતમાં પ્રધાન એવું જે આત્મજ્ઞાન તે જીવને સંસારમાં સૌથી દુર્લભ છે.–માટે તેની નિરંતર ભાવના કરવી. ]

## ( ૧૨ ) ધર્મ ભાવના

**જાંચે સુરતરૂ દેત સુખ, ચિંતત ચિંતારૈન,**
**વિન જાંચે વિન ચિંતયે ધર્મ સકલ સુખ દેન.**

ધર્મ સકલ સુખદૈન રૈન–દિન ભવિજીવન મન ભાતા,
જૈનધર્મ વીતરાગ સિવા અન મત ન સુહાતા,
વીતરાગ સર્વજ્ઞ દેવ ગુરુ ધર્મ અહિંસા જાનો,
અનેકાન્ત સિદ્ધાંત સપ્ત તત્ત્વનકો કર સરધાનો.

[ કલ્પતરૂ તો માંગતાં સુખ આપે છે, ને ચિંતામણિ ચિંતવતાં સુખ આપે છે, માંગ્યા વિના કે ચિંતવ્યા વિના તો તે પણ સુખ નથી આપતા; પરંતુ ધર્મ તો વગર માંગ્યે ને વગર ચિંતવ્યે જીવને દિનરાત સકલ સુખનો દાતા છે. ભવિક જીવોના મનમાં તે ધર્મ પ્રિય છે. વીતરાગ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ, અહિંસામય વીતરાગધર્મ અને અનેકાન્ત–સિદ્ધાંતરૂપ શાસ્ત્રો, સાત તત્ત્વો–એ બધાની શ્રદ્ધા કરીને હે જીવ! તું ધર્મને આરાધ! –જેથી તને પરમ સુખની પ્રપ્તિ થશે. ]

**સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય! આરાધ્ય! પ્રભાવ આણી,**
**અનાથ એકાન્ત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.**

भूधर कविकृत भावना द्वादश जगपरधान।
तापर इक अल्पज्ञने छंद रचे हित जान।।




અંક છાપતાં છાપતાં કલકત્તાથી સમાચાર મળ્યા છે કે શ્રી નીહાલચંદજી સોગાની એકાએક હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા; હાલમાં જ મુંબઈ પંચકલ્યાણક મહોત્સવમાં પણ તેઓ આવેલા. તત્ત્વચર્ચાનો તેમને પ્રેમ હતો. તત્ત્વપ્રેમમાં આગળ વધીને તેઓ આત્મહિત પામે એ જ ભાવના.

# ચાર ભાઈ

ચાર ભાઈ છે, મહા સુંદર, મહા પવિત્ર, મહા સમર્થ...એની માતા છે જિનવાણી, એના પિતા છે એક મુનિરાજ...એનું મોસાળ છે મહાવિદેહમાં...એનું જન્મસ્થાન છે પોન્નૂરધામ...ચારેય ભાઈઓ ઝરીયનના સુંદર વસ્ત્રાભૂષણથી સોનગઢના સ્વાધ્યાયમંદિરમાં શોભી રહ્યા છે... કાનજીસ્વામીને એ ચારેય ભાઈઓ બહુ જ વહાલા છે ને એમની પાસેથી હંમેશાં કંઈક ને કંઈક નવું જાણે છે...જો કે તેમને બીજા પણ કેટલાંક ભાઈઓ છે પણ આ ચાર ભાઈઓ તો જૈનશાસનમાં અજોડ છે...અનેક સંતમુનિઓએ તેમનું બહુમાન કર્યું છે...ને કોઈક મુનિઓએ તેમની ટીકા પણ કરી છે...ઓળખ્યા તમે એ ચાર ભાઈ ને? જુઓ, આ રહ્યા એ ચાર ભાઈઓ–




સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય. કેવા મજાના છે ચાર ભાઈ! કેવા સુંદર! કેવા પવિત્ર! ને કેવા સમર્થ! એમની માતા છે જિનવાણી. કુંદકુંદભગવાનના એ નંદનનું મોસાળ મહાવિદેહમાં–સીમંધરનાથની ધર્મ સભામાં છે...પોન્નૂરધામ એમનું જન્મસ્થાન છે કે જ્યાં બેઠાબેઠા કુંદકુંદસ્વામીએ એ મહાન શાસ્ત્રોને સ્વાનુભૂતિમાંથી જન્મ આપ્યો...સોનગઢના સ્વાધ્યાયમંદિરમાં એ ચારે મહાન શાસ્ત્રો ઝરીના પુંઠાથી શોભી રહ્યા છે...એ ચારે શાસ્ત્રો કાનજીસ્વામીને બહુ વહાલા છે ને હંમેશા તેની ઊંડી સ્વાધ્યાયદ્વારા

તેમાંથી નવા નવા ભાવો પ્રાપ્ત કરે છે...આ ચાર મહાશાસ્ત્રો ઉપરાંત અષ્ટપ્રાભુત વગેરે શાસ્ત્રો પણ કુંદકુંદસ્વામીએ રચ્યા છે. કુંદકુંદસ્વામીના આ રત્નચતુષ્ટય જૈનશાસનમાં અજોડ છે... કુંદકુંદસ્વામી પછી થયેલા અનેક મુનિઓએ બહુમાનપૂર્વક પોતાના શાસ્ત્રોમાં કુંદકુંદાચાર્યદેવના સમયસારાદિનું અનુકરણ કર્યું છે; અમૃતચંદ્રસૂરિ, પદ્મપ્રભમુનિરાજ, જયસેનાચાર્ય વગેરે મુનિઓએ તે શાસ્ત્ર પર ટીકા રચી છે. નમસ્કાર હો.....ભવ્ય જીવોના પરમબાંધવ તે સમયસારાદિ ભગવંતોને...અને તેના પ્રણેતા સંતોને !

# આધ્યાત્મિક ક્રાન્તિ

અત્યારે ક્રાન્તિનો યુગ છે : જ્યાં જાુઓ ત્યાં બસ, ક્રાંતિ...ક્રાંતિ ને ક્રાંતિ ! વર્ષોનાં વર્ષોથી અનેકવિધ ક્રાન્તિઓ કરવા છતાં જગતને હજુ સુખની ઝાંખી પણ કાં ન દેખાય ?–ઉલટું દુઃખ વધતું હોય એમ કાં લાગે ? તો જિજ્ઞાસુએ વિચારવું રહ્યું કે આ રાજકીય–ક્રાંતિ કે ઔદ્યોગિક–ક્રાંતિ કે શૈક્ષણિક–ક્રાંતિ, –એ બધી ક્રાન્તિ સિવાયની બીજી એક ક્રાંતિ જ ખરેખર સુખનું કારણ છે–એવી આધ્યાત્મિક ક્રાન્તિ જ જગતના જીવોને સુખી કરી શકે.–એટલે એવા આધ્યાત્મિક–ક્રાન્તિકારી કોઈ સન્તને શોધવા જોઈએ. એવા આધ્યાત્મિક–ક્રાન્તિકારી સન્ત મળવા આમ તો બહુ દુર્લભ હોય છે, –સેંકડો વર્ષે માંડ માંડ કોઈક સન્ત દેખાય છે, –પરંતુ અત્યારે આપણા સૌના સદ્ભાગ્યે એવા ક્રાન્તિકારી સન્તને શોધવા દૂર જવું પડે તેમ નથી, અત્યારે ભારતમાં આપણી વચ્ચે જ એવા ક્રાન્તિકારી સન્તો બિરાજી રહ્યા છે. **–એક સન્ત છે પૂ. શ્રી કાનજીસ્વામી !**

અહા, તીર્થંકરોના ને સન્તોના આત્મિક સ્વાધીનતાના સન્દેશા ઝીલીને, અને કુમાર્ગની બેડીનાં બંધન તોડીને જીવનમાં તેમણે જે આત્મિક ક્રાંતિ કરી છે તે અજોડ છે... એટલું જ નહિ, ભારતના જીવોને પણ એ જ માર્ગે આવવાની હાકલ કરીને અધ્યાત્મની જે મહાન ક્રાન્તિ તેમણે સર્જી છે તે જૈનશાસનના સુવર્ણપટ ઉપર હીરાના અક્ષરોથી આલેખાઈ ગઈ છે. એ ક્રાન્તિકારની વીરહાક સાંભળીને ભારતના ખૂણેખૂણેથી જાગેલા હજારો જીવોએ પરાધીનદ્રષ્ટિના બંધનની બેડી તોડી નાંખી છે; સ્વાધીનદ્રષ્ટિના પુરુષાર્થ પાસે ‘વેઠના વારા’ જેવી ઓશીયાળીવૃત્તિના ગઢ તૂટી પડયાં છે....ને અધ્યાત્મની એક મહાન ક્રાન્તિના વિજયનો ધર્મધ્વજ જૈનશાસનના ઊંચા આકાશમાં આનંદથી લહેરાઈ રહ્યો છે. એ ધર્મધ્વજની છાયામાં જીવનમાં આધ્યાત્મિક આંદોલનો જગાડીને, આત્મામાં ધર્મક્રાન્તિદ્વારા પરમ શાન્તિ પ્રાપ્ત કરવી તે આપણું કર્તવ્ય છે.

## જગતના ધર્મ રાજાએ જાહેર કરેલો

# સ્વતંત્રતાનો ઢંઢેરો

જેમ સારા રાજા તરફથી પ્રજાના સુખ માટે અનેક પ્રકારના ઢંઢેરા બહાર પડે છે; સારી પ્રજા પોતાના સુખની, પોતાની સ્વાધીનતાની વાત સાંભળીને પ્રસન્ન થાય છે ને એ ઢંઢેરો પ્રગટ કરનાર રાજવી પ્રત્યે પણ તેને બહુમાન જાગે છે. પ્રજાની સ્વાધીનતાનો કે સુખનો વિરોધ કરનાર સજાને પાત્ર થાય છે. તેમ જગતનાં ધર્મરાજા ભગવાન સર્વજ્ઞદેવે જગતના પ્રાણીઓના સ્વાધીનસુખને માટે સ્વતંત્રતાનો દિવ્ય ઢંઢેરો પ્રસિદ્ધ કર્યો છે કે, હે જીવો! તમારી સર્વ સત્તા, સર્વ સંપત્તિ, સર્વ ગુણો તમારામાં સ્વાધીન છે, તેમાં બીજા કોઈનો અધિકાર કે હસ્તક્ષેપ નથી; સ્વાધીનપણે તમે તમારા સુખને ભોગવો. અહા, આવો સ્વતંત્રતાનો ઢંઢેરો સાંભળીને કોને ખુશી ન થાય? ને એ ધર્મરાજા પ્રત્યે કોને બહુમાન ન જાગે!! જે આવી સ્વાધીનતાના ઢંઢેરાનો વિરોધ કરે છે તે સમસ્ત પ્રાણીઓના સ્વાધીનસુખનો વિરોધ કરે છે, તેથી તે મહાન સજાને (એટલે કે ઘોર સંસારરૂપી જેલને) પાત્ર છે. મુમુક્ષુ સજ્જનોને આવી સ્વાધીનતાનો ઢંઢેરો સંભળાવનાર પ્રત્યે પરમ આદર–બહુમાન જાગે છે.

આ ભરતક્ષેત્રમાં અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન મહાવીરે, અને હાલમાં વિદેહક્ષેત્રમાં ભગવાન સીમંધર વગેરે તીર્થંકર ભગવંતોએ, આવી સ્વતંત્રતાનો જે ઢંઢેરો દિવ્યધ્વનિના નાદે જગતમાં પ્રસિદ્ધ કર્યો, કુંદકુંદાદિ મહાન સંતોએ જે ઢંઢેરો ઝીલીને પસરાવ્યો, એ જ સ્વાધીનતાના ઢંઢેરાનો પાવન સન્દેશ આજે આપણને સંભળાવી રહ્યા છે ગુરુ કહાન! અહા, કેવી સ્વતંત્રતા! સુખનો કેવો સુંદર માર્ગ! હે ભાઈ! એ સ્વતંત્રતાના સન્દેશવાહક સન્તો કહે છે કે તારો આત્મા, તારા ગુણો, તારું પરિણમન–એ બધુંય તારામાં સ્વતંત્ર છે; તું તારાથી જ પરિપૂર્ણ છો, જગતની ગમે તેવી અનુકૂળતા કે પ્રતિકૂળતા વચ્ચે પોતે પોતાના ભાવમાં અડોલપણે ટકી શકે એવું સામર્થ્ય તારામાં છે. –કબુલ કર એકવાર તારી સ્વાધીનતાને! ને જો તારા અંતરમાં? ત્યાં કેવું સુખ ભર્યું છે! બસ, આવા આત્માને ઓળખીને તેનો સ્વાશ્રય કરવાનું ભગવાન ધર્મરાજા તીર્થંકરોનું ફરમાન છે. ધર્મરાજાના આ ફરમાનને જેઓ નહિ સ્વીકારે ને પોતાના અપરાધ બીજા ઉપર ઢોળશે, બીજો મને સુખી દુઃખી કરે એમ માનશે તેઓ ભગવાનના ધર્મરાજ્યમાં ગુનેગાર ગણાશે. અરે જીવ! શું તું બાહ્ય પદાર્થોના સંયોગ ઉપર આધાર રાખીને તેમાંથી સુખ લેવા માંગે છે? –કદી નહિ મળે તને સુખ! શું પરાધીનતામાં સુખ હોય? સુખ તો સ્વાધીનતામાં હોય. માટે આ સ્વતંત્રતાની હાકલ સાંભળીને જાગ... સ્વાધીન પુરુષાર્થના રણકારમાં કોઈ અનેરો આહ્‌લાદ તને અનુભવાશે.

# ભ...ગ...વ...તી આ...રા...ધ...ના...

સમન્તભદ્રસ્વામીના શિષ્ય શિવકોટીઆચાર્યદ્વારા રચાયેલું ૨૧૬૬ ગાથાનું આ મહાન આરાધનાશાસ્ત્ર–જેમાં મુનિઓનાં આચરણની પ્રધાનતાપૂર્વક ચાર આરાધનાનું ભાવભીનું વર્ણન કર્યું છે–તે ગુરુદેવને ઘણું પ્રિય છે, તેમાંય ઉગ્ર પુરુષાર્થપ્રેરક ‘કવચઅધિકાર’ નું તો તેઓ વારંવાર પ્રવચનમાં વર્ણન કરે છે...જે સાંભળતાં મુનિવરો પ્રત્યેની અતિશય ભક્તિથી શ્રોતાનું હૃદય ભીંજાઈ જાય છે...ને હૃદયસમક્ષ એવું દ્રશ્ય ખડું થાય છે કે જાણે જંગલમાં મુનિઓનો સમૂહ બિરાજી રહ્યો છે... તેમાંથી કોઈક મુનિરાજના સમાધિમરણનો પ્રસંગ છે, અનેક મુનિવરો ભક્તિ અને વાત્સલ્યથી મુનિસેવામાં તત્પર છે...અંતસમયની તૈયારીમાં મુનિને કદાચિત પાણીની વૃત્તિ ઊઠતાં ‘પા...ણી’ એમ બોલાઈ જાય છે...ત્યાં બીજા મુનિઓ કે આચાર્ય સ્નેહથી–મીઠાશથી ધોધમાર વૈરાગ્યઉપદેશની ધારા વરસાવીને એની પાણીની વૃત્તિ તોડી નાંખે છેઃ અરે મુનિ! અત્યારે આરાધનાનો ને સમાધિમરણનો અવસર છે, અત્યારે તો નિર્વિકલ્પ શાંત રસના પાણી પીવાનો અવસર છે...તેમાં વચ્ચે આ વૃત્તિ શી!! આરાધનાને યાદ કરો, કાયર ન થાવ. સ્વયંભૂરમણ દરિયા ભરાય એટલા પાણી અનંત વાર પીધાં.... માટે એ વૃત્તિ તોડો.....તમે તો ચૈતન્યના નિર્વિકલ્પ અનુભવના અમૃત પીનારા છો...માટે એ નિર્વિકલ્પ આનંદના દરિયામાં ડૂબકી મારો....આમ ધોધમાર વૈરાગ્યની ધારા વરસાવે છે ને અનેક મહા મુનિઓના દ્રષ્ટાંત આપે છે...ત્યાં પહેલા મુનિ પણ પાણીનો વિકલ્પ તોડીને પાછા સ્વરૂપમાં ઠરી જાય છે. જેમ લડાઈમાં રક્ષણ માટે યોદ્ધાઓ કવચ (બખ્તર) પહેરે તેમ સમાધિમરણ ટાણે આરાધનાની રક્ષા માટે વૈરાગ્યના ઉત્તમ ઉપદેશથી ભરપૂર એવા ગુરુવચનરૂપી કવચનું અલૌકિક વર્ણન કર્યું છે. ભગવતી આરાધનાના આ કવચઅધિકાર ઉપર તેમજ બીજા અનેક ભાગો ઉપર ગુરુદેવે પ્રવચન કરેલા છે. એક પ્રસંગમાં,–જ્યારે એક આચાર્ય વૈરાગ્યથી પોતાનું આચાર્યપદ છોડીને બીજા આચાર્યને સોંપે છે ને સંઘના મુનિઓ પાસે ક્ષમા માંગીને હિતોપદેશ આપે છે, ને તે વખતે સંઘના મુનિઓ પણ આચાર્ય પ્રત્યે ભક્તિથી ગદગદ થઈને પરમ ઉપકારના ઉદ્‌ગારો કહે છે, તથા ક્ષમા માગે છે–એ વખતના એ મુનિઓનાં, એ ગુરુ–શિષ્યોના પરસ્પરના અચિંત્ય વાત્સલ્યભાવનો ચિતાર ગુરુદેવે પ્રવચનમાં ખડો કર્યો ત્યારે શ્રોતાજનોનાં નયનો આંસુથી ભીંજાઈ ગયા હતા. ગુરુદેવ ‘ભગવતીઆરાધના’ હાથમાં લ્યે ત્યાં જ મુનિવરોનું જીવન નજરસમક્ષ તરવરવા લાગે છે.

(અભિનંદનગ્રંથમાંથી)

# જ્ઞાનદીવો.... ચિરંજીવો

**બાહુબલી ભગવાન, કુંદકુંદધામ વગેરેની તીર્થયાત્રા કરીને અને મુંબઈ વગેરેમાં પ્રતિષ્ઠામહોત્સવ કરીને વૈશાખ વદ આઠમે સોનગઢ આવ્યા પછીના પહેલા પ્રવચન વખતે સભાના શાંત-અધ્યાત્મ વાતાવરણ વચ્ચે પૂ. શ્રી કહાનગુરુએ કહ્યું: સમ્યગ્જ્ઞાનનો દીવો... મંગળરૂપ છે...તે ચિરંજીવો...એ જ્ઞાનમાં કોઈ રાગનો કે સંયોગનો ઘેરો નથી...બધાથી છૂટું એ જ્ઞાન પોતે મંગળરૂપ છે.**

આ 'સમયસાર–ભાગવત' વંચાય છે. તેમાં ૨૨૯મી ગાથામાં સમ્યગ્દ્રષ્ટિના નિઃશંક્તિ અંગનું આ વર્ણન છે. આ નિઃશંકતા વગેરે ગુણોદ્વારા ધર્માત્માને ક્ષણેક્ષણે નિર્જરા થતી જાય છે ને શુદ્ધતા વધતી જાય છે. આત્મા ટંકોત્કિર્ણ જ્ઞાયકભાવ,–જેના સ્વભાવમાં રાગાદિ પરભાવોનો અભાવ,–એવા જ્ઞાયકસ્વભાવમય સમકિતીનું પરિણમન છે, એ જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિમાં ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ પણ નથી. જગતમાં જેમ જડ છે, જેમ રાગાદિ પરભાવો છે, તેમ જ્ઞાયકસ્વભાવ પણ છે, તે જ્ઞાયકસ્વભાવને શોધનારી દ્રષ્ટિમાં રાગાદિનો કે કર્મનો અભાવ છે. આવી દ્રષ્ટિવંત ધર્માત્માને નિઃશંકતાને લીધે નિર્જરા જ થાય છે.–આ અપૂર્વ મંગળ છે.

ચૈતન્યરાજા પોતાની સ્વભાવસત્તામાં આવ્યો ત્યાં તેમાં પરભાવનો પ્રવેશ જ નથી,–તો તેમાં કર્મબંધનની શંકા કેમ હોય? મારો જ્ઞાયકભાવ કર્મબંધનથી બંધાઈ જશે–એવી શંકા ધર્માત્માને નથી; તે નિઃશંક છે કે મારો આત્મા જ્ઞાયકસ્વભાવમય જ છે. ચિદાનંદરસથી ભરપૂર મારો આત્મા, તેમાં પરિણમેલું મારું જ્ઞાન નિર્વિકલ્પ છે, તેમાં બંધન કરનારા મિથ્યાત્વાદિભાવોનો અભાવ છે. માટે આવી દ્રષ્ટિવંત ધર્માત્માને મિથ્યાત્વાદિકૃત બંધન થતું જ નથી, સમ્યક્ત્વાદિથી તેને નિર્જરા જ થાય છે. આનું નામ ધર્મ...ને આનું નામ શાંતિ.

અંતરમાં તદ્દન નિરાળી આત્મવસ્તુ, તે લૌકિકબુદ્ધિથી હાથમાં આવે તેવી નથી; રાગથીયે પાર અંતરની દ્રષ્ટિથી જ્યાં એના પત્તા લાગ્યા ત્યાં કર્મબંધ તૂટવા માંડયાં, ને આત્મા છૂટવા લાગ્યો. સમકિતીની નિર્જરાની આ સ્થિતિ છે. અહો, આમાં જગતથી કેટલો વૈરાગ... ને અંતરની કેટલી શાંતિ! તે અજ્ઞાનીને ખબર પડે તેમ નથી.

મુક્તસ્વરૂપ આત્મા જે દ્રષ્ટિમાં આવ્યો તે દ્રષ્ટિમાં વળી બંધન કેવું ? એવી દ્રષ્ટિને બીજા કોઈનું અવલંબન નથી. પહેલાં વિકલ્પ હતો તેની મદદથી આવી દ્રષ્ટિ પ્રગટી એમ નથી. એ દ્રષ્ટિ નિરાલંબી છે, રાગના વિકલ્પનો એમાં અભાવ છે. એકવાર આવી દ્રષ્ટિ થઈ ત્યાં નિઃશંકતા વગેરે આઠ ગુણો પ્રગટયા. અંતરમાં એનું ભાવભાસન થાય તો માર્ગ પ્રગટે. વિકલ્પોના ને શરીરના નાટકોથી જુદો પુદ્ગલના સ્વાંગોથી પાર જ્ઞાયકમૂર્તિ આત્મા છે, એના જ અવલંબને લાભ છે. એ જ્ઞાયકતત્ત્વ કોઈથી બિલકુલ ઘેરાયેલું છે જ નહિ, રાગનો ઘેરો પણ તેને નથી, રાગ પણ તેનાથી બહાર જ છે. અરે, આવું નિરૂપાધિ તત્ત્વ, બધાથી છૂટું ને છૂટું, તે પ્રતીતમાં આવતાં જ ક્યાંય આત્મબુદ્ધિ ન રહી, કોઈ પરભાવમાં અટકવાનું ન રહ્યું, પરિણામ સ્વભાવભાવ તરફ ઢળ્યા... એટલે શુદ્ધતા જ થવા લાગી, પરભાવથી જુદો ને જુદો જ રહેવા લાગ્યો.–આવી ધર્મીની દશા છે.


યાત્રા પછીનું આ સોનગઢમાં મંગલાચરણ થાય છે. સમ્યગ્જ્ઞાનનો દીવો... એ ચીરંજીવો... એ જ મંગળરૂપ છે. સ્વસત્તાના અંતર્મુખ અવલંબનરૂપ પરિણતિમાંથી પરભાવ ખરી ગયા છે... તે પરિણતિ જ નિર્જરા છે, ને તે જ મંગળ છે. વીતરાગી જૈનસન્દેશ તો આમ કરવાનું બતાવે છે. પરભાવનું અવલંબન કરવાનું બતાવે તે 'જૈનસન્દેશ' નહિ, ધર્માત્માને ક્યાંય કોઈ પરના અવલંબનની ભાવના જ નથી. સ્વભાવના અવલંબનરૂપ ભાવને જ તે પોતાનો જાણે છે, ને તે ભાવથી જ તેને નિર્જરા થાય છે; સમ્યક્ત્વના આઠેય ગુણ ( અંગ ) તેમાં સમાઈ જાય છે.

## દુઃખ તો ઘણાં સહન કર્યા.... પણ ?

અરે જીવ ! અનંતસંસારમાં પરિભ્રમણ કરતાં તેં ઘણાં દુઃખો સહન કર્યા, નરકાદિના ઘોરમાં ઘોર દુઃખોથી તું સોંસરવટ નીકળી ગયો–પ....ણ....વિરાધકભાવે; એકવાર જો આરાધકભાવે બધા દુઃખોથી સોંસરવટ નીકળી જા એટલે કે ગમે તેવી પ્રતિકૂળતા આવે તોપણ આરાધકભાવથી તું ડગ નહિ, તો ફરીને આ સંસારનું કોઈ દુઃખ તને ન આવે–ને તારું સુખધામ તને પ્રાપ્ત થાય.


( ચર્ચામાંથી )

# "મુંબઈ–મહોત્સવ અંક"



માટુંગા ખાતે સન્મુખાનંદ હોલમાં પ્રવચન






**સમકિત સાવન આયો........ આજ મેરે......**

[ મધ્યભારતના આયોજન અને વિકાસખાતાના પ્રધાન શ્રી મિશ્રલાલજી ગંગવાન મહાવીરનગરમાં પ્રવચન પછી ભજન ગવડાવી રહ્યા છે ને સૌ ઝીલી રહ્યા છે. ]





માટુંગા-સન્મુખાનંદ હૉલમાં પ્રવચન પૂરું થયા બાદ....




મહાવીરનગર પ્રવચનસભાનું એક દ્રશ્ય.


# "મુંબઈ-મહોત્સવ અંક"



પાર્શ્વપ્રભુની દીક્ષા બાદ દરિયામાં કેશ વિસર્જન કરી રહેલ ઇન્દ્ર.




વૈ. સુદ ૧૧ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે.... દાદરમાં-




મુંબઈનગરીમાં હીરકજયંતી પ્રસંગે પૂ. શ્રી કાનજીસ્વામીને તા. ૧૩–૫–૬૪ના રોજ માનનીય શ્રી લાલબહારદુરજી શાસ્ત્રી અભિનંદન ગ્રંથ સમર્પણ કરી રહ્યા છે.



ગ્રંથ અર્પણ કર્યા બાદ શાસ્ત્રીજીએ લગભગ ૧૫ મિનિટ ભાષણ કર્યું હતું, ભાષણમાં તેમના છેલ્લા શબ્દો આ હતા–"××મુઝે બડી પ્રસન્નતા હૂઈ. મૈં ફિર એકવાર અપના આદર સન્માન ઔર શ્રદ્ધાંજલિ પ્રગટ કરતા હૂં. ઔર યહ નિવેદન કરતા હૂં કિ જો માર્ગ–જો રાસ્તા અહિંસા ઔર શાંતિકા, ચરિત્રકા, નૈતિકતાકા આપ દિખાતે હૈ ઉસ પર યદિ હમ ચલેંગે તો ઉસમેં હમારા ભી ભલા હોગા, સમાજકા ભી હોગા, વ દેશકા ભી હોગા"



દાદર જિનમંદિરમાં આનંદપૂર્વક પ્રભુપ્રતિષ્ઠા થયા બાદ એ જિનમંદિર ઉપર જ્યારે કળશ અને ધ્વજ ચડયા ત્યારે ભક્તજનોના જય-જયકારથી ગગન ગાજી ઉઠયું... (કળશ અને ધ્વજની ઊંચાઈ કેટલી હતી તે પાસે હાથ ઊંચો કરીને ઊભેલા માણસો ઉપરથી અનુમાન થઈ શકશે.)




અને ત્યારે પ્રભુપ્રતિષ્ઠાના એ પાવન દ્રશ્યો નીહાળવા કહાનનગર સોસાયટીમાં નીચે ને ઉપર, અગાશીમાં ને અટારીઓમાં ભક્તજનોની હકડેઠઠ ભીડ જામી હતી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટિંગ પ્રેસ-ભાવનગર.